# સંતબાલ પરિચય પુસ્તિકા

## શ્રી આચારાંગ પરિચય પુસ્તિકા શ્રેણી



૧

# શ્રી આચારાંગ સૂત્રનો સંક્ષેપ

□

સંતબાલ

નિવેદન

# સંતબાલ પરિચય પુસ્તિકા

સન ૧૯૩૭માં મુનિશ્રી સંતબાલજીએ રણાપુરમાં (નર્મદા તટે) સમૌન એકાંતવાસ સ્વીકાર્યો, તેના ફલસ્વરૂપે તેમને ભાલનળકાંઠા પ્રદેશનું ધર્મદષ્ટિએ સમાજરચનાનું કાર્યક્ષેત્ર મળ્યું. આ વાતને ૧૯૮૭માં પૂરાં ૫૦ વર્ષ થશે. મુનિશ્રીનો ધર્મદષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ ગુજરાત–સૌરાષ્ટ્રના સંગમસ્થાન એવા સાવ નપાણિયા મુલકમાં, અનેક મર્યાદાઓ વચ્ચે ચાલ્યો, વિશિષ્ટ રીતે ચાલ્યો, અને હજુ આજે પણ ચાલી રહ્યો છે. પરંતુ છેલ્લાં ૫૦ વરસથી તેમણે સમાજને જે કંઈ આપ્યા કર્યું, તેનો ઋણભાવે સ્વીકાર કરી તેમની પ્રવૃત્તિઓનો તેમ જ વિચારોનો ગુજરાતની આમપ્રજાને પરિચય થાય તે દષ્ટિએ આ 'પરિચય પુસ્તિકા'ની યોજના રજૂ કરી છે.

આ યોજનાનો અમલ મુનિશ્રીની જન્મ જયંતી શ્રાવણપૂર્ણિમા ૧૯મી ઑગસ્ટ ૧૯૮૬થી શરૂ થયો છે.

આ પુસ્તિકાઓનો બહોળો પ્રચાર કરી સંતનું ઋણ અદા કરવાનું ન ચૂકીએ.

શ્રાવણ પૂર્ણિમા
તા. ૧૯–૮–૧૯૮૬

**રજનીકાન્ત સંઘવી**, પ્રમુખ
**મનુ પંડિત**, મંત્રી
**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

સંતબાલ પરિચય પુસ્તિકા

શ્રી આચારાંગ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨

# શ્રી આચારાંગ સૂત્રનો સંક્ષેપ

[આગમ પ્રજ્ઞ આધુનિક વ્યાખ્યાતા મુનિશ્રી સંતબાલજી દ્વારા ગુજરાતીમાં અનુવાદિત શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના–પ્રથમ ત્રણ અધ્યયનોનો સંક્ષેપ]

: સંપાદક :

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના
સુશિષ્ય
સર્વધર્મ સમન્વયી આચાર્યશ્રી જનકચંદ્રસૂરિજી
મહારાજ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૪

: પ્રકાશક :

મનુભાઈ જ. પંડિત
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

આવૃત્તિ પહેલી : જાન્યુઆરી ૧૯૮૭

આ પુસ્તિકાના પ્રકાશનમાં

**સ્વ. માણેકચંદ ડુંગરશી ખંડેરિયા પરિવાર**

વાંકાનેર ( હા. બલવંતરાય એન. ખંડેરિયા, પૂના )નો
આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે તે બદલ
સંસ્થા તેમની આભારી છે.

**કિંમત રૂપિયા ચાર**

**મુદ્રક :** કનુભાઈ ડી. પટેલ, શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ,
૮, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા, અમદાવાદ-૪

# કિંચિત્ સંપાદકીય

'ઉપ્પનેઈવા વિગમેઈવા ધુવેઈવા ।' અર્થાત્ ઉત્પન્ન થવું, સ્થિર રહેવું અને વિનાશ થવું. આ જ ત્રિપદીનું તીર્થંકરના મુખે શ્રવણ કરીને, ગણધરો દ્વાદશાંગી–૧૨ અંગોની (સૂત્રોની) રચના કરે છે. તેમાં આચારાંગ સૂત્રને જ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે જ્ઞાન અને શ્રદ્ધા ફલવતી ત્યારે બની શકે છે કે જ્યારે તે આચરણમાં સમ્યગ્ ક્રિયારૂપે પરિણમે. આથી જ જૈન પરંપરામાં "જ્ઞાનસ્ય ફલં વિરતિ" વાક્ય પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલું છે જ.

મુનિ સંતબાલજી મહારાજે જે આચારાંગ સૂત્રની નિર્યુક્તિ, ચૂર્ણિ, ટીકા આદિનો ઊંડાણથી અભ્યાસ કરીને સૂત્રોનો ગુજરાતી ભાષામાં આધુનિક ઢબે સરળ અને સરસ અનુવાદ કર્યો છે, અને આના પર વિસ્તૃત નોંધો લખીને વિચારક વર્ગને ભરપૂર સામગ્રી પીરસી દીધી છે.

મેં આમાંથી સંક્ષેપ રુચિવાળા વર્ગને વિશેષ ઉપયોગી સૂત્રો અને નોંધોનું ટૂંકાવીને સંકલન કર્યું છે. વિ. સં. ૨૦૨૭માં યુગવીર આ. શ્રી. વિ. વલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મ શતાબ્દિ વખતે મુંબઈ પાયધુની ગોડીજી ઉપાશ્રયમાં, વિ. સમુદ્રસૂરીજી મહારાજના ચાતુર્માસ હતા અને મેં વ્યાખ્યાનમાં 'આચારાંગ સૂત્ર' સંભળાવવાનું ચાલુ કર્યું હતું. ત્યારે આ નોંધો મારા માટે ચિંતન–મનનની દૃષ્ટિએ ઘણી ઉપયોગી રહી હતી.

ધર્મપ્રેમી બલવંતરાય ખંડેરિયા તથા મંત્રીશ્રી અંબુભાઈ શાહનો સંક્ષેપ્ત કરવાનો સુઝાવ મને ગમી ગયો, અને કામ થઈ ગયું.

આ જ ગ્રંથના સ્વકીય નિદર્શનના અંતમાં ડૉ. ટી. એન. દવેએ જણાવ્યું છે કે –

"મુનિ મહારાજ શ્રી સંતબાલજીએ આવો અપ્રતિમ અને કઠિન સૂત્રાત્મક શૈલીવાળો ગ્રન્થ વિદ્વત્તાપૂર્ણ છતાં સરળ અને વિસ્તીર્ણ નોંધો તથા સમૃદ્ધ પરિશિષ્ટ સાથે નવીન ઢબથી અનુવાદિત કરી આપ્યો તે માટે જૈન પ્રજા જ નહિ, પણ સર્વ ધર્મપ્રેમી ગુર્જર નરનારીઓ તેમનાં અત્યંત ઋણી છે એમાં સંશય નથી."

મુનિ સંતબાલજી પોતાની વિસ્તૃત પ્રસ્તાવનાના અંતમાં લખે છે :

"ગૃહસ્થજીવન ગાળતા સાધકનેય જીવનવિકાસની તક આપે, સંયમી જીવન ગાળનારમાંય શુષ્કતાને બદલે રસિકતા પ્રેરે, ત્યાગી સાધકનેય ત્યાગ પાછળનો ઉદ્દેશ સમજાવે, અકાર્મણ્ય અને ડરપોક વૃત્તિ છોડાવી કર્મયોગી અને નિર્ભય બનાવે, લોકસંગમાં રહેતા શ્રમણને સત્ય-વૃતિશીલ રહેવા છતાં સમાજ અને સ્વોત્કર્ષ સાધવાની ચાવી બતાવે અને વ્યક્તિગત વિકાસમાં માનનારને પોતાના આધ્યાત્મિક ક્ષેત્રમાં સરળતા કરી આપે એવા 'આચારાંગ' પ્રતિ કોણ ન આકર્ષાય ?'

'આ અનુવાદ આપણી ધર્મબાધક રૂઢિગત પ્રણાલિકાનું ભંજન કરી સાચું અને નિર્મળ જૈનત્વ લાવવામાં ઉપયોગી થાય; તથા એવો પ્રયત્ન કરતા સાધકોને યત્-કિંચિત્ પણ આશ્વાસનદાયક નીવડે; અને વિશિષ્ટ અભ્યાસી સાધકોને પ્રોત્સાહન આપી શકે; તોય હું મારો પ્રયત્ન સાર્થક લેખીશ. માત્ર એટલું જ કે જેવી રીતે શ્રી આચારાંગનું વાચન અનેક કોલાહલો વચ્ચે મારામાં શાંતિનો સંચાર કરે છે, તેવી રીતે સૌને તે ઈષ્ટ થાઓ એ જ શુભેચ્છા.''

આ સૂત્રગ્રંથની બીજી આવૃત્તિના બે બોલમાં તેઓ લખે છે:

''ત્યાગ અને અનાસક્તિ એ બન્ને એકમેકના પર્યાયો છે. જે ત્યાગની પછવાડે અનાસક્તિનું ફળ નથી, તે ત્યાગ વિશ્વને અને વ્યક્તિને ભારરૂપ છે. જે અનાસક્તિયોગની પછવાડે ત્યાગની સહજતા નથી તે જીવન દંભી છે, અને જગતને દંભનો ચેપ લગાડે છે. આ મહાન વાક્યોને યથાર્થ સમજવામાં આ ભાષાંતર ઉપયોગી થશે.''

આ પુસ્તિકામાં મેં શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય અને શીતોષ્ણીય એમ પ્રથમ ત્રણ અધ્યયનનું સંક્ષેપ્તિકરણ કર્યું છે, જે વાચકોને લાભપ્રદ થશે એવી આશા છે.

—જનકચંદ્રસૂરિ

આ. સુ. પૂનમ, ૨૦૪૨
આદીનાથ સોસાયટી
સતારા રોડ, પૂના–૨

# શ્રી આચારાંગ સૂત્ર

## શસ્ત્રપરિજ્ઞા

### અધ્યયન પહેલું

'અનંતધર્માત્મકં વસ્તુ.' પદાર્થ માત્રમાં અનેક ધર્મ હોય છે. ધર્મોની અનેકતાને અંગે દૃષ્ટિબિંદુઓ પણ અનેક હોવાં ઘટે. આથી એક વસ્તુને એક જ દૃષ્ટિબિંદુથી ન જોતાં અનેક દૃષ્ટિબિંદુથી જોતાં શીખવું ઘટે.

આ અધ્યયનમાં આવતો **પરિજ્ઞા** શબ્દનો વાચ્યાર્થ તે સૂચવે છે. **પરિ+જ્ઞા** એટલે કે પદાર્થનું ઘણી બાજુથી જ્ઞાન કરવું—નિરીક્ષણ કરવું—સમજવું.

પરિજ્ઞાને વધુ સ્પષ્ટ સમજવા માટે તેને સાચી સમજ અથવા વિવેક શબ્દ તરીકે પણ ઓળખાવી શકાય. પદાર્થ જ્ઞાનમાં અને વિવેકમાં એ તારતમ્ય છે, કે વિવેકમાં સત્યાસત્યને પારખવાની નિર્ણય બુદ્ધિનો સમાવેશ છે, જ્યારે પદાર્થ જ્ઞાનમાં તો તે બુદ્ધિ હોય અને ન પણ હોય. જ્ઞાનનો જ્ઞેય જ માત્ર વિષય હોય અને, જ્યારે પરિજ્ઞામાં તો જ્ઞેય, હેય અને ઉપાદેય ત્રણેનો સમાવેશ હોય. માટે જ જૈન દર્શનમાં એ પરિજ્ઞાના બે ભેદો છે: (૧) જ્ઞ પરિજ્ઞા, (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞ પરિજ્ઞામાં જ્ઞાનશક્તિને અવકાશ છે, અને પ્રત્યાખ્યાન પરિજ્ઞામાં ત્યાગને અવકાશ છે. **'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ'** જે જ્ઞાનનું ફળ

વર્તનમાં પરિણમતું નથી, તે સાચું જ્ઞાન નથી. જૈન દર્શનમાં એ મુખ્ય પ્રતિપાદન છે.

અહીં 'શસ્ત્રપરિજ્ઞા' નામનું પ્રથમ અધ્યયન છે. શસ્ત્રનોઅર્થ હિંસ્રભાવના અથવા હિંસાનાં સાધનો થાય છે.

ધર્મ એ વિકાસનું અનુત્તર સાધન છે; અને ધર્મનું પ્રાથમિક મૂળ અહિંસા છે. દરેક મત, દર્શન કે પંથમાં અહિંસાનું મહાત્મ્ય અવિરોધ રીતે નજરે પડે છે. આથી વિકાસ પંથમાં અહિંસક વૃત્તિ સૌથી પ્રથમ અભીષ્ટ-ધારી તેનું વર્ણન આ અધ્યયનમાં સૌથી પ્રથમ આપવામાં આવ્યું છે.

## પ્રથમ ઉદ્દેશક

### વિવેક

અહિંસાના વ્યવહારુ પ્રયોગમાં વિવેકની અનિવાર્ય અગત્ય છે. જ્યાં સદ્‌વિચાર કે વિવેકબુદ્ધિ નથી, ત્યાં થતી ક્રિયા અવશ્ય કર્મસમારંભજનક હોય છે. એથી વિવેકનું પૂર્વ અને પશ્ચાત્ રૂપ વર્ણવતા,

ગુરુદેવ બોલ્યા :

(૧) 'હે આયુષ્મન્! શ્રમણ ભગવાન મહાવીરે જે કહેલું તે મેં સાંભળેલું અને તે આ પ્રમાણે છે.' એવી રીતે પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીને ઉદ્દેશીને શ્રી સુધર્મા-સ્વામીએ કહ્યું.

(૨) **(અ)** આ જગતમાં કેટલાક એવા જીવાત્માઓ **પણ** હોય છે કે જેમને હું—પૂર્વ દિશાથી, દક્ષિણ **દિશાથી**, પશ્ચિમ દિશાથી, ઉત્તર દિશાથી, ઊંચી દિશાથી, **નીચી** દિશાથી કે બીજી વિદિશાઓ (ઈશાન, અગ્નિ, **નૈઋત્ય** અને વાયવ્ય)થી કે અનુદિશાઓમાંથી–ક્યાંથી આવું છું એવું પણ ભાન હોતું નથી.

(નોંધ : ઉપરના સૂત્રમાં **સૌથી** પ્રથમ વિચાર-**શ્રેણીનું** દર્શન આપ્યું છે. વિચારની ભૂમિકા આવ્યા પછી જ વિકાસનો પ્રારંભ થાય છે. 'હું ક્યાંથી આવ્યો?' એ **જિજ્ઞાસુ** હૃદયનો સૌથી પ્રથમ પ્રશ્ન છે. અને જ્યારે હૃદયમાં સાચી જિજ્ઞાસા જાગે છે, ત્યારે જ આ પ્રશ્ન ઉદ્ભવે છે.)

(૨) **(બ)** વળી કેટલાક અધિકારી જીવોને ક્વચિત્ આ **પ્રશ્ન ઉદ્ભવે** છે ખરો. પરંતુ 'મારો આત્મા પુનર્જન્મ પામનારો છે કે નહિ? હું પ્રથમ કોણ હતો? અને અહીંથી મૃત્યુ બાદ પરભવમાં (જન્માંતરમાં) હું કોણ થઈશ? (હું ક્યાં જઈશ?) તેનું તેને યથાર્થ જ્ઞાન હોતું **નથી**.'

(૩) **(અ)** (૧) પોતાની મેળે–જાતિ સ્મરણજ્ઞાન (પૂર્વ-ભવોનાં સ્મરણ)થી, (૨) બીજા જ્ઞાની તીર્થંકર કે કેવળી પુરુષોના કહેવાથી, કે (૩) ઉપદેશકો દ્વારા સાંભળવાથી આવું જ્ઞાન થઈ શકે છે, કે હું ક્યાંથી આવ્યો છું.

(૩) **(બ)** આ પ્રમાણે જેને જ્ઞાન થાય છે, તે આત્મ-વાદી (આત્મા નિત્ય છે, તદ્રૂપ ચોક્કસ પ્રતીતિ થવી.)

લોકવાદી (સંસારના કાર્યકારણનું સ્પષ્ટ ભાન કરનાર), કર્મવાદી, આત્મા પોતે કર્તા અને ભોક્તા છે એવું ચોક્કસ જ્ઞાન કરનાર), ક્રિયાવાદી (કર્મબંધનોથી છૂટી જવાની ક્રિયાઓનું જ્ઞાન કરનાર) છે એમ જાણવું.

(નોંધ: જે આત્મા જડ કર્મથી મિશ્રિત છે તે આત્માના વિકાસ માટે કેવળ તત્ત્વજ્ઞાનની વાતો જ કરવાથી આત્મભાન થવું અશક્ય છે. આત્મભાન માટે તો જડ કર્મનાં આવરણો દૂર થાય તેવી શુદ્ધ પ્રવૃત્તિ આદરવી જોઈએ.

અદૂષિત પ્રવૃત્તિ દ્વારા તેનામાં શક્તિ અને સંયોગોની જેમ જેમ અનુકૂળતા થતી જાય તેમ તેમ આત્મલક્ષ્ય વચ્ચે લોકાકર્ષણ–સિદ્ધિઓ વગેરેનું પ્રલોભન પણ વધતું જાય. તેવા પ્રસંગે સાધક પ્રલોભનમાં ન સપડાતાં એક આત્મલક્ષ્ય રાખી વિકાસ શ્રેણિએ આગળ ધપે.)

## કર્મબંધ હેતુ વિચાર

(૪) કર્મ એ સંસાર પરિભ્રમણનું કારણ છે. તે કઈ જાતની ક્રિયાઓથી થાય છે તે હવે સુધર્માસ્વામી સ્પષ્ટ કરતાં કહે છે કે—

"હે જંબૂ! મેં કર્યું (૧), મેં કરાવ્યું (૨), મેં બીજા કરનારને અનુમોદન આપ્યું (૩), હું કરું છું (૪), હું કરાવું છું (૫), કે કરનાર ઠીક કરે છે તેમ માનું છું (૬), હું કરીશ (૭), હું કરાવીશ (૮), કે હું બીજા

કરનારને અનુમોદન આપીશ (૯), એ રીતે નવ ભેદોને મન, વચન અને કાયા એ ત્રણે યોગોએ ગુણતાં ૨૭ ભેદ થાય. એ રીતે કર્મબંધનના કારણભૂત ક્રિયાઓના ભેદો અને પ્રભેદોથી દરેક પુણ્ય પાપની તથા ધર્માધર્મની વ્યવસ્થા માનવી જોઈએ.

જેઓ ઉપરના ભેદોને યથાર્થ નથી જાણતા તે ખરેખર દિશા વિદિશાઓમાં પરિભ્રમણ કરે છે.

(૬–૭–૮) આથી એ ક્રિયાઓમાં ભગવાને પરિજ્ઞા (વિવેક) સમજાવેલ છે. આ જીવિતવ્યને લંબાવવા માટે, સુયશની પ્રાપ્તિ અર્થે, સત્કાર, સન્માન, પૂજનાદિ ભોગવવા અર્થે, જન્મમરણના બંધનથી મુક્ત થવા માટે અને દુઃખોને દૂર કરવા માટે આ વિશ્વમાં પાપની ક્રિયાને લોકો અંધ પરંપરાએ આચર્યે જાય છે. શાણા સાધકે તેનો બરાબર વિવેક સમજવાની જરૂર છે. આખા લોકની ક્રિયાઓનો ઉપરના વર્ણનમાં સમાવેશ થાય છે.

(૯) આ સંસારમાં પૂર્વોક્ત બધા કર્મ સમારંભો (ક્રિયાઓ)ને જે જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ (વિવેકપૂર્વક સમજી અને વિવેકપૂર્વક ત્યાગ) કરે છે તે જ પરિજ્ઞાત કર્મા (વિવેકયુક્ત સંયમી) મુનિ ગણાય છે.

શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો પ્રથમ ઉદ્દેશક પૂર્ણ થયો.

*

## દ્વિતીય ઉદ્દેશક

### પૃથ્વીકાય

મનુષ્ય કે પ્રગટ અને વિકસિત ચેતનવાળાં મોટાં જીવજંતુઓને ન મારવાં એટલેથી જ કંઈ અહિંસાની સંપૂર્ણ આરાધના થઈ જતી નથી. અહિંસકને તો પોતાના પ્રત્યેક ઉપયોગી પદાર્થ વાપરતાં, હાલતાં, ચાલતાં અને એવી સર્વ ક્રિયાઓ કરતાં કરતાં અહિંસાનું સ્મરણ રહેવું જોઈએ.

પૃથ્વી, જળ, અગ્નિ, વનસ્પતિ ઇત્યાદિ સ્થાવર જીવો પણ ચૈતન્યવંત છે. તે અહીં ક્રમશઃ સમજાવે છે.

ગુરુદેવ બોલ્યા :

(૧) પ્રિય જંબૂ ! જો, સંસારનાં પ્રાણીઓ બિચારાં અજ્ઞાનથી સંસારની ક્લેશ ભઠ્ઠીમાં પોતે સળગે છે અને બીજાને પણ પરિતાપ ઉપજાવે છે.

(૪) હે શિષ્ય ! ભગવાન મહાવીરે આ પરિજ્ઞા સમજાવતાં કહ્યું છે કે જે શ્રમણ જીવનનિર્વાહ માટે વંદન, સન્માન, પૂજન તથા ભ્રમથી માની લીધેલા સિદ્ધાંત પ્રમાણે મુક્ત થવા માટે સ્વયં પૃથ્વીકાય જેવા સૂક્ષ્મજીવોની હિંસા પોતે કરે છે કરાવે છે, કરનારને અનુમોદન આપે છે, તે હિંસા તેના અકલ્યાણ અને અબોધની જનની બને છે.

(૫) સર્વજ્ઞદેવ કિંવા શ્રમણવરો પાસેથી ભવ્ય જીવો જાણી શકે છે કે હિંસા એ કર્મબન્ધનનું કારણ છે.

(નોંધ : હિંસાથી પરજીવોને જે પીડા થાય છે તે ઘણીયે વાર દેખાતી નથી. છતાં હિંસક ભાવનાની અપેક્ષાએ તે હિંસા કરનારની વૃત્તિનું પતન તો જરૂર થાય જ છે.

ઉપરની બીનાઓ અણગાર ત્યાગીને ઉદ્દેશીને લખાયેલી છે. કારણ કે ગૃહસ્થ સાધકને જીવન ટકાવવા માટે પૃથ્વી આદિ સ્થાવર જીવોની હિંસા અનિવાર્ય છે, છતાં હિંસા જ છે અને હિંસામાં પાપ પણ છે. માત્ર અધિક યોગ્યતાવાળા જીવોની પોતાની અપેક્ષાએ આ પાપ અલ્પ ગણી શકાય. ગૃહસ્થ ગણાતા સાધકે પણ આવી વાતોમાં વિવેકપુરઃસર આસક્તિને ઓછી કરતાં શીખવું જોઈએ.)

દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## તૃતીય ઉદ્દેશક

### જલનિકાય

જલનિકાયના જીવોની સમીક્ષામાં પ્રથમ અણગારની યોગ્યતા સ્પષ્ટ કરે છે, અને તેવા ઉચ્ચ અધિકારને પામેલો સાધક જો એક સામાન્ય સ્ખલનમાં પણ બેદરકારી સેવે તો તે અધિક સ્ખલનાઓ કરવાને ટેવાય છે એમ માનસ-

શાસ્ત્રના નિયમથી સિદ્ધ થાય છે.

આકસ્મિક સ્ખલના થવી એ જુદી વાત છે અને સ્ખલના તરફ બેદરકાર થવું કે રહેવું એ જુદી વાત છે. આ વિવેક શીખી લેવાય તો તેવો જાગરુક સાધક સ્ખલનાની નવી પરંપરાથી છૂટીને પૂર્વ સ્ખલનાઓને નિવારી શકે છે એ સ્પષ્ટ કરતાં—

ગુરુદેવ બોલ્યા :

(૧) હે જંબૂ ! હું કહું છું તે સાંભળ : જે જીવન પ્રપંચથી મુક્ત થઈને અગારી મટી અણગાર થયો છે, જેનું અંતઃકરણ અને કાર્ય સરળ બની ગયાં છે, જે મોક્ષ માર્ગ તરફ વળ્યો છે અને માયા–કપટને જે આચરતો નથી, તે અણગારે પોતે જે શ્રદ્ધાથી, જે ભાવનાબળથી ત્યાગ માર્ગ અંગીકાર કર્યો છે તે જ ભાવથી જીવનના અન્તપર્યંત પોતાના જડ સંસર્ગજન્ય પૂર્વસ્વભાવની અધિનતામાં ન ફસાતાં ત્યાગમાર્ગનું યથાર્થ પાલન કરવું જોઈએ. આ મોક્ષના મહામાર્ગમાં વીરો જ ચાલ્યા છે અને પાર પામ્યા છે, અને તેમણે જ તે માર્ગને આરાધ્યો છે. એમાં શંકા જેવું કાંઈ નથી.

(નોંધ : જેવા વિચારો હોય તેવું જ બોલે, અને જેવું બોલે તેવું જ ચાલે, અર્થાત્ કે મન, વચન અને કાર્યની એકવાક્યતા એ સાધુતાનું પ્રથમ લક્ષણ છે. ત્યાગ ગ્રહણ કરી સતત જાગૃત રહે તે સાધુ. કારણ કે સમર્થ

આત્માઓ માટે પણ પૂર્વસંસ્કારોને લઈને નિર્બળતા થવી સંભવિત છે.

મન જ્યારે પૂર્વસંસ્કારોને અધીન થાય ત્યારે જીવાત્માનાં સામર્થ્ય, ત્યાગ અને શક્તિ ક્ષણભરમાં નાબૂદ થવાનો સમય આવી પડવામાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે. મલિનતાની સહેજ અસર પણ ત્યાગની પવિત્રતા અને ચારિત્રની સુવાસને વટલાવી મૂકે છે. સહજવીરતા વિના મુક્તિ માર્ગની યોગ્યતા નથી – બાહ્ય દ્વંદ્વોમાં બહારની વીરતા, આંતર દ્વંદ્વોમાં આંતરિક વીરતા. બહારની વીરતા કરતાં આંતરિક વીરતા કોટિગણી કઠિન અને દુઃસાધ્ય છે. બાહ્ય વીરતામાં સન્માન, સામ્રાજ્ય, હક્ક વગેરે મેળવવાનું હોય છે, આંતરિક વીરતાના માર્ગમાં ઊલટું ઘણાં વર્ષોથી સંઘરી રાખેલું એ બધું–અહંત્વ, મમત્વ, આસક્તિ વગેરે દફનાવી દેવાનું હોય છે. એ વીરનાં શસ્ત્રો પણ જુદાં છે. તે હાથમાં નહિ, પણ હૈયામાં ધારણ કરાય છે.)

(૨) હે જંબૂ! આ રીતે જૈન શાસનની આજ્ઞાથી સંસારને ઓળખી પોતે નિર્ભય બને, અને જલનિકાયાદિ જીવોને પણ નિર્ભય બનાવે.

(નોંધ : તે જ સાચો નિર્ભય છે કે જેનાથી સૌ કોઈ નાનામોટા જીવોને અભય મળે છે. પોતાનાથી જ્યારે કોઈ ભય ન પામે તેવો નિઃસ્વાર્થી અને નિર્વિકારી પ્રેમ અખંડ વહે, ત્યારે જ નિર્ભયતા પ્રાપ્ત થાય. નિર્ભય

દશા પ્રાપ્ત કરવાનું ધ્યેય એ સર્વોત્તમ અને કાર્યકારી ધ્યેય છે. જે નિર્ભયતામાં અસંયમ અને સ્વચ્છંદતા છે તે નિર્ભયતા ભયાનક છે અને એ નિર્ભયતા બહાર દેખાતી હોય તોયે એ નિર્ભયતા નથી, પણ મહાન ડરપોકતા છે.)

(૩) અહો જંબૂ! સાંભળ, હું તને કહું છું: આ સંસારમાં નાના પ્રકારનાં પ્રાણીઓ વસે છે. તે બધાં ચૈતન્યવાળાં છે. તે વિશે શંકાને સ્થાન ન હોવું જોઈએ. બીજા જીવોનો જે અપલાપ કરે છે તે પોતાના આત્માનો પણ અપલાપ કરે છે.

(નોંધ: 'અનેક જ્ઞાની પુરુષોએ આત્મપ્રતીતિનો સાક્ષાત્ અનુભવ કર્યો છે.' અને આપણે પણ અનુમાનથી તેનું અસ્તિત્વ જાણી શકીએ છીએ. એથી કદી અને કોઈપણ સંયોગોમાં નાસ્તિક બનવાની આવશ્યકતા નથી.)

(૪) પ્રિય જંબૂ! સંયમી પુરુષો જ્યારે આ રીતે મનઃસમાધાન કરી વિવેકપૂર્વક વર્તે છે, ત્યારે કેટલાક પોતાને ત્યાગી કહેવડાવવા છતાં ભિન્ન ભિન્ન પ્રકારનાં શસ્ત્રોથી જલાદિ જીવો પર ક્રિયાનો સમારંભ કર્યા કરે છે, અને જલાદિ સમારંભમાં (અવિવેકી દૃષ્ટિથી) બીજા પણ અનેક જીવોની હિંસા કરી નાખે છે.

(નોંધ: જળમાં અનેક જીવો છે તે વૈજ્ઞાનિક શોધથી જગ જાહેર થઈ ચૂક્યું છે. વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં હાસ્ય, શોક, ભય, ક્રોધ, રાગ, અહંકાર એવી લાગણી-

એનો સ્પષ્ટ અનુભવ કરાવ્યો છે. એ પરથી હવે ચર્મ-ચક્ષુથી પ્રત્યક્ષ ન દેખાવા છતાં સ્થાવર જીવોમાં ચૈતન્ય છે એ સિદ્ધ કરવાપણું આ વિજ્ઞાન યુગમાં રહ્યું નથી.)

(૭) જંબૂ! જલ પોતે જેમ ચેતનવંત છે તેમ એને આશ્રયે બીજા પણ અનેક જીવો રહેલા હોય છે. શસ્ત્રપરિણત નિર્દોષ જલથી વિવેકી સાધુજનોએ જીવન ચલાવવું, પરંતુ સચેત જલ ન વાપરવું જોઈએ. એમ કરવાથી એમના પર હિંસાનું અને પ્રતિજ્ઞાભંગ થવાથી ચોરીનું પણ દોષારોપણ થાય છે. કેટલાક શ્રમણો એમ પણ કહે છે કે અમને પીવા માટે, વિભૂષા અર્થે પણ કલ્પ્ય છે. એમ કહી તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોથી જલાદિની સ્વયં હિંસા કરે છે. આ વાત ભિક્ષુ માટે યોગ્ય નથી.

### ઉપસંહાર

જલમાં પણ ચેતન છે. જલ વિના જીવનનિર્વાહ શક્ય નથી. એટલે ગૃહસ્થસાધક પોતાના ધર્મની મર્યાદા જાળવી વિવેકપૂર્વક એનો ઉપયોગ કરે છે.

તૃતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## ચતુર્થ ઉદ્દેશક

### અગ્નિકાય

(૧) હે જંબૂ! ભગવાન મહાવીરના શબ્દોમાં કહું

છું કે જિજ્ઞાસુએ આ સંસાર અને તેમાં રહેલાં પ્રાણીઓ વિશે શંકાશીલ ન થવું અને આત્માના અસ્તિત્વ વિશે પણ શંકાશીલ ન થવું.

જંબૂએ પૂછ્યું : ગુરુદેવ ! એમ કરવાથી શી હાનિ થાય ?

ગુરુદેવે કહ્યું : આત્માર્થી શિષ્ય ! જેઓ સંસાર વિશે શંકાશીલ બને છે, તે આત્માના અસ્તિત્વમાં શંકાશીલ રહે છે, તે સંસારના ચરાચર જીવોના અસ્તિત્વ વિશે પણ શંકાશીલ બનતા જાય છે.

(નોંધ : આત્મા અને સંસારનો અન્ય પ્રાણીગણ આ જગતમાં પ્રત્યક્ષ વિદ્યમાન દેખાય છે. જુઓ : ઘાટીલું શરીર, પુષ્ટ ઈંદ્રિયો અને મનોહર અંગોપાંગો હોવા છતાં એક વસ્તુ વિના ક્ષણવારમાં તે સડવા માંડે છે, એ વસ્તુ કઈ ! તેનું નામ જ આત્મા.)

(૨) જંબૂ બોલ્યા : ગુરુદેવ ! જે આત્મા નિત્ય છે તેની પરિપૂર્ણ સાધના માટે આપે અહિંસાનો રાજમાર્ગ બતાવ્યો, પણ એ જીવનમાં સાધ્ય કેમ બને ?

ગુરુદેવ બોલ્યા : પ્રિય જંબૂ ! જે આ દીર્ઘલોકના શાસ્ત્રની પરિસ્થિતિનો વેત્તા છે, તે સંયમનો રહસ્યવેત્તા છે. અને જે સંયમનો રહસ્યવેત્તા છે તે જ આ મહા-સંસારમાં હિંસાના સાધનોનો રહસ્યવેત્તા છે.

( નોંધ : જે સંયમનો જાણકાર છે તે જ સાચી અહિંસાનો આરાધક છે. ઇંદ્રિયસંયમ, વાણી સંયમ અને મનસંયમ એ અહિંસક ભાવ – પ્રેમ ભાવ – જનક છે.)

(૩) મોક્ષાર્થી જંબૂ ! સદા જિતેન્દ્રિય સદાય **અપ્રમત્ત અને** સંયમી એવા વીર મહાપુરુષોએ આ જ સબળ શસ્ત્રો દ્વારા આત્મા પર વિજય મેળવીને વીતરાગ-**ભાવની** પરાકાષ્ઠાના અખંડ, અનંત અને સ્થિર સુખનો **યથાર્થ** સાક્ષાત્કાર કર્યો છે.

(૪) જંબૂ બોલ્યા : ગુરુદેવ ! ઘણા જીવો મોક્ષાર્થી હોવા છતાં આ સંસારમાં અનેક પ્રકારે દંડાય છે, દુઃખાય છે, ચિંતાથી બળે છે અને રોગોથી પીડાય છે, તેનું શું **કારણ** હશે ?

પ્રિય શિષ્ય ! જે પ્રમત્તદશામાં આવી જાય છે તે ખરેખર આવી શિક્ષાનો અધિકારી જ છે.

( નોંધ : મદ, વિષય, કષાય, નિંદા અને વિકથા એ પાંચ પ્રમાદો કહેવાય છે. તે કાતીલ ઝેરો છે, તે તરફ જે બેદરકાર રહે છે, તે દંડાય છે, પીડાય છે અને અનંત-વાર આધ્યાત્મિક મૃત્યુ પામે છે.

(૫) જંબૂએ કહ્યું : ગુરુદેવ ! અહિંસક વૃત્તિ એ પ્રમાદ-**રૂપી ઝેરને** રોકવાના સાધનરૂપ છે એમ આપે સૌથી પ્રથમ જ કહ્યું છે. હવે પૃથ્વી અને પાણી સિવાય આ વિશ્વમાં ઈતર જીવો કયા કયા છે, તેનું સંક્ષિપ્ત વર્ણન કરવા કૃપા કરો.

સુધર્મસ્વામીએ કહ્યું કે, અગ્નિકાય જીવોનું અહીં વર્ણન કરું છું. તેની પણ હિંસા કરવી ન ઘટે. છતાં કેટલાક પોતાને સાધુ કહેવડાવનારાઓ પણ અગ્નિકર્મના મહારંભ દ્વારા અગ્નિના જીવો પર શસ્ત્રો ચલાવે છે અને

તેમને તથા તેમને આશ્રયે રહેલા કીડા, ઉધઈ અને એવા નાનામોટા કેંક જીવોને હણી નાખે છે, એ યોગ્ય નથી.

(નોંધ : મોટા મોટા અગ્નિના સમારંભો કરીને પંચ ધૂણી ધખાવવામાં ધર્મ થાય છે, જલશુદ્ધિથી પાપનો નાશ થાય છે આવી આવી અનેક માન્યતાઓ તે કાળમાં બહુ પ્રચલિત હતી. ભ. મહાવીરે જલ, અગ્નિ ઇત્યાદિમાં પણ ચૈતન્ય છે એમ બતાવી તેની હિંસામાં ધર્મ હોઈ જ શકે નહીં, એવું સ્પષ્ટ સમજાવ્યું છે.)

(૬) તેથી જ ભગવાને ત્યાં આ જીવિતવ્ય નિભાવવાનો વિવેક સમજાવ્યો છે. છતાં કોઈ વંદન, માન કે સત્કાર માટે અથવા જીવન માટે, કર્મબંધનથી મુક્તિ માટે કે શારીરિક તથા માનસિક દુઃખના નિવારણ માટે સ્વયં અગ્નિનો સમારંભ કરે, કરાવે કે અનુમોદન આપે તે હાનિકર્તા છે.

(૭) ભગવાનો કિંવા જ્ઞાનીપુરુષોના સંસર્ગથી કેટલાકને આવું જ્ઞાન થઈ જાય છે કે હિંસા ખરેખર બંધન, આસક્તિ, માર અને નરકના કારણભૂત છે.

(નોંધ : અવિવેકી ક્ષણે ક્ષણે પાપ પરંપરા વધારે છે, જ્યારે વિવેકી સાધક કાર્ય કરવા છતાં વિવેક દ્વારા જ પાપને ઘટાડે છે.)

(૧૦) બુદ્ધિમાન વિવેકી શ્રમણ હિંસાનું દુષ્પરિણામ જાણી વિરમે છે તે પરિજ્ઞાત કર્મા શ્રમણ કહેવાય છે.

એમ કહું છું.

શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો ચતુર્થ ઉદ્દેશક પૂર્ણ થયો.

*

## પંચમ ઉદ્દેશક

### વનસ્પતિકાય

(૨) જંબૂ બોલ્યા : ગુરુદેવ! કર્મના બંધનનું તથા જરામરણરૂપ સંસારચક્રનું મૂળ કારણ શું હશે?

ગુરુદેવે કહ્યું : શબ્દાદિ વિષયો–કામગુણો–એ સંસારનું કારણ છે અને સંસાર એ વિષયોનું કારણ છે.

(નોંધ : વસ્તુતઃ અહીં કારણનો ઉદ્દેશ ઉપાદાન કારણ નહીં પણ નિમિત્ત કારણ પૂરતો છે. સંસારનું ઉપાદાન (મૂળ) કારણ તો આસક્તિ જ છે, અને વિષયો તો માત્ર નિમિત્ત કારણો છે. પરંતુ નિમિત્ત કારણો પણ ઉપાદાનનાં ઉત્તેજક તો છે જ. આથી નિમિત્ત કારણોથી સાવધ રહેવું એ સાધકની સાધનાનું પ્રથમ લક્ષ્ય હોવું ઘટે.

(૩) ભગવન્! વિષયો સંસારનું કારણ શી રીતે બની શકે?

આત્મનિષ્ઠ જંબૂ! ઊંચી, નીચી, તીરછી અને પૂર્વાદિ દિશાઓમાં જઈને કે રહીને આ જીવાત્મા અનેક પદાર્થોના સંસર્ગમાં આવે છે, ત્યાં તે ભિન્નભિન્ન પ્રકારનાં રૂપોને જુએ છે તથા વિવિધ શબ્દોને સાંભળે છે. અને તેથી તે આવી રીતે દેખેલી સ્વરૂપવતી વસ્તુ પર અને સંભળાયેલા મંજૂલ શબ્દો પર મોહિત બને છે, આસક્ત

થાય છે. આ આસક્તિ એ જ સંસાર છે.

આથી વિષયોનો સંયમ એ વીતરાગની આજ્ઞા છે. જે સાધક વિષયોમાં સંયમ નથી રાખતો તે વીતરાગની આજ્ઞાની બહાર છે.

(નોંધ : વિષયોના દર્શનથી ગુપ્ત વિષયવાસના જાગી ઊઠે છે. વિષયવાસના ઉદ્ભવવાથી ગાઢ આસક્તિ થાય છે. વીતરાગતા પ્રાપ્ત કરવાની સાધનાનો પ્રારંભ વિષય વિરક્તિથી થાય છે. આથી એ સાધના કરવી ને વીત-રાગની આજ્ઞા આરાધવી એ બંને સમાન છે.)

(૪–૫–૬–૭–૮) ગુરુદેવે કહ્યું : આપણું શરીર જેમ જન્મવાના સ્વભાવવાળું છે તેમ આ વનસ્પતિના જીવો પણ જન્મે છે, વધે છે. આપણી માફક જ તેમનામાં પણ ચૈતન્ય છે.

(નોંધ : વનસ્પતિમાં ચૈતન્ય છે તે વાત હવે વિજ્ઞાનથી સિદ્ધ થયા પછી વિશેષ કશું કહેવાનું રહ્યું નથી.

પાપનો મુખ્ય સંબંધ વૃત્તિ સાથે છે, ક્રિયા સાથે નહીં.)

શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો પાંચમો ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## ષષ્ઠ ઉદ્દેશક

### ત્રસ જીવો

પ્રિય જંબૂ ! હવે હાલતા ચાલતા—ત્રસ જીવોના

ભેદો કહું છું તે સાંભળ.

ગુરુદેવ બોલ્યા :

૧ અંડજ — ઈંડાથી ઉત્પન્ન થયેલાં પક્ષીઓ;

૨ પોતજ — થેલીથી ઉત્પન્ન થયેલા ઘોડા, હાથી વગેરે;

૩ જરાયુજ — ગાય, ભેંસ વગેરે પશુઓ;

૪ રસજ — રસથી ઉત્પન્ન થયેલ કીડાઓ;

૫ સ્વેદજ — પરસેવાથી ઉત્પન્ન થયેલા જૂ વગેરે જીવો;

૬ સંમૂર્છિમ — યોનિ સિવાય ઉત્પન્ન થયેલાં કીડી, માખી વગેરે;

૭ ઉદ્‌ભિજ્જ — ભૂમિફોડીને નીકળનારાં તીડ વગેરે પ્રાણીઓ; અને

૮ ઔપપાતિક — ઉત્પાતથી જન્મેલા દેવ તથા નરક-યોનિના જીવો. સંસારમાં હાલતાચાલતા બધા જ જીવોનો સમાવેશ આ ભેદોમાં જ થઈ જાય છે.

(૨) પ્રિયશિષ્ય ! બે ઇંદ્રિયાદિ બધાં પ્રાણીઓ વન-સ્પતિ વગેરે બધા ભૂતો, પંચેન્દ્રિયાદિ સર્વ જીવો અને પૃથ્વી વગેરે બધાં સત્ત્વોને માત્ર સુખ જ પ્રિય છે, અસુખ જરાયે પ્રિય નથી.

(૩–૪–૫–૬–૭) ત્રસ જીવોની હિંસાનાં કારણો : ઘણાયે મનુષ્યો હાલતાચાલતા જીવોને જોઈ શકે છે;

એમનાં બહુમૂલાં જીવનનું મૂલ્ય આંકી શકે છે; પોતાવત્ તે બધાયે સુખનાં કામી છે તેમ પણ તે સમજવાની બુદ્ધિ ધરાવે છે. છતાં પોતાને કે પરને હાથે થતી હિંસા તે કેમ નિભાવી લેતા હશે! શું ખરેખર તેઓ ઘાતકી હશે ના ?

ગુરુદેવે કહ્યું : વહાલા જંબૂ ! તું કહે છે તે યથાર્થ છે. તેઓ પોતે ઘાતકી નથી બનવા ચાહતાં, પરંતુ તેમાંના કેટલાક અજ્ઞાની અને વહેમી જીવો ત્રસ જીવોને દેવ-દેવીના ભોગ નિમિત્તે ચામડાં, માંસ, લોહી, દાંત આદિ માટે ઇરાદાપૂર્વક તથા નિરર્થક રીતે હિંસા કરે છે.

(૮–૯) અસંયમીને આવો વિવેક હોતો નથી. જે અહિંસક રહેવા માગે છે તેને જ આ વિવેક હોય છે અને તે પરિજ્ઞાતકર્મા શ્રમણ કહેવાય છે.

શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો ષષ્ઠ ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## સપ્તમ ઉદ્દેશક

### વાયુકાય

ગત છ ઉદ્દેશકોમાં પૃથ્વી, જલ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસકાયનું વર્ણન કર્યું. આ પ્રકરણમાં વાયુ કાયના જીવોનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એવો ક્રમ હોય છે, પરંતુ બીજા જીવોની અપેક્ષાએ ભિક્ષુ સાધક દ્વારા પણ હાલતાં ચાલતાં કે બીજી ક્રિયાઓ કરતાં વાયુકાયની હિંસા થઈ

જવી અશક્ય પરિહારરૂપ હોઈ વાયુકાયનું પ્રકરણ અંતિમ રાખવામાં આવ્યું છે.

ગુરુદેવ બોલ્યા :

(૧) જે માનસિક અને શારીરિક વેદનાનો ચિકિત્સક હોય છે તે સમર્થ આત્મા સૂક્ષ્મ હિંસાને પણ અહિતકર જાણીને વાયુકાયના જીવોની હિંસાનો પરિહાર કરી શકે છે,

કારણ કે જંબૂ ! જે પોતાને થતાં સુખ દુઃખનું બરાબર નિદાન કરે છે તે જ બીજા જીવોને થતા સુખ-દુઃખનું નિદાન કરી શકે છે અને બીજા જીવોને થતાં સુખદુઃખની લાગણીને જાણી શકે છે તે જ પોતાની લાગણીને સમજી શકે છે, કારણ કે પોતે અને પર એ બન્ને પરસ્પર સમાન છે.

(નોંધ : અન્યને દુઃખ ઉપજાવી પ્રાપ્ત કરેલું સુખ એ સુખ નથી, પણ સુખાભાસ છે. જ્યારે અન્યને શાંતિ પહોંચાડવાથી કદાચ સંકટ પ્રાપ્ત થાય, તોપણ તેના ગર્ભમાં સુખ જ છે.)

(૨) આવું જાણી અહીં મોક્ષમાર્ગનાં સાધનો (જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ) ને પામેલા સંયમી પુરુષો સૂક્ષ્મ જીવોનીયે હિંસા કરી પોતે જીવવા માગતા નથી.

(૩–૪–૫–૬) પ્રિય શિષ્ય જંબૂ! હું તને કહું છું કે તે વાયુના જીવોની સાથે બીજાં પણ ઊડતાં મચ્છર ઇત્યાદિ પ્રાણીઓ છે. તેઓ વાયુની સાથે એકઠાં થઈને

પડે છે અને વાયુની હિંસા કરતાં તે પણ પિડાય છે, મૂર્છિત થાય છે અને મૃત્યુ પામે છે.

(૭) આવું કેટલીક વાર જાણવા છતાં અસંયમીને આવો વિવેક હોતો જ નથી. જે અહિંસક રહેવા માગે છે તેને જ આ વિવેક હોય છે.

(૮) ઉપર કહ્યા પ્રમાણે છ જીવકાય (છ પ્રકારના જીવો)ની હિંસાથી કર્મબંધન થાય છે. તે જાણવા છતાં જેઓ આવા આચારમાં રમતા નથી અને આરંભાદિ (હિંસક) કાર્યોમાં આસક્ત હોવા છતાં 'અમો સંયમી છીએ' એમ બોલે છે તથા સ્વચ્છંદાચારી થઈ આરંભમાં તલ્લીન થઈ રહે છે તેઓ આઠે કર્મોનાં બંધન બાંધે છે.

(નોંધ : આસક્તિ આઠે પ્રકારનાં કર્મબંધનનું મુખ્ય કારણ છે.)

(૯–૧૦) માટે સંયમધનવાળા સાધકે સાવધાન અને સમજવાન થઈને આવા ન કરવા યોગ્ય પાપકર્મને આચરવું નહિ. છ કાયના જીવોની હિંસા કરવી નહિ કરાવવી નહિ અને કરનારને અનુમોદન પણ આપવું નહિ, આવા આરંભમાં જેને સંપૂર્ણ વિવેક હોય તે જ આરંભત્યાગી મુનિ કહેવાય છે.

## ઉપસંહાર

જીવનું અસ્તિત્વ, કર્મબંધન અને મુક્તિ ઇત્યાદિ તત્ત્વો બતાવી તથા જીવનવિકાસ સારુ વિચાર વિવેક અને સંયમ એ ત્રણ અંગોનું વર્ણન આપી આ અધ્ય-

યનમાં ભાવ હિંસાથી છૂટવાના સફળ અને સરળ ઉપાયોનું નિદર્શન કર્યું છે. કારણ કે, અહિંસા એ જ એક પ્રકારનો સંયમ છે, અથવા બીજી રીતે એમ પણ કહી શકાય કે અહિંસા માત્ર સંયમથી જ સાધ્ય છે. કોઈને પ્રત્યક્ષ મારવું એ દ્રવ્યહિંસા છે અને અવિવેક, માનસિક દુષ્ટતા, વૈરવૃત્તિ, ઇર્ષ્યા વગેરેને આશ્રય આપવો તે ભાવહિંસા છે. ભાવહિંસા દ્રવ્યહિંસામાં પરિણમે છે, અને એમ આત્મપતન થાય છે.

કારણ કે જીવમાત્ર પોતારૂપ છે, તેથી બીજાને હણવાથી પોતે જ હણાય છે. વાસનામાં બંધ છે અને વિરતિમાં મુક્તિ છે. તે ભાવના આપી, નાનાં મોટાં બધાં પ્રાણીઓમાં ચૈતન્ય છે માટે સૌ તરફ અનુકંપા રાખો; પ્રેમની પરબો માંડો; વિવેકથી જીવો અને વિકાસપંથમાં આગળ ધપો.

એમ ભગવાન મહાવીરનો વિશ્વબંધુત્વનો સંદેશ આપતા શ્રીસુધર્મ સ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને અધ્યયનને અંતે બોલ્યા, કે –

એમ હું કહું છું.

એ પ્રમાણે શસ્ત્રપરિજ્ઞા નામનું પ્રથમ અધ્યયન પૂર્ણ થયું.

*

# લોકવિજય

## અધ્યયન બીજું

લોક એટલે સંસાર, પતિ-પત્ની, મા-બાપ બાળક આદિના સંબંધ, મિત્ર, સંપત્તિ વૈભવ ઇત્યાદિનો સંસર્ગ એ બાહ્ય સંસાર. તેના સંસર્ગથી ઉત્પન્ન થતાં અહંતા, મમતા, આસક્તિ, વિકાર, સ્નેહ, વૈર એ બધા ભાવોની આત્મા પર અસર થાય તે આભ્યંતર—ભાવસંસાર. ભાવ-સંસાર દ્રવ્યસંસારના હેતુભૂત છે. જોકે રાગાદિ રિપુઓ પર વિજય મેળવવો તે જ સાચો વિજય છે. પરંતુ બાહ્ય સંસારની નિવૃત્તિ એ પણ એક સાધન છે.

આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં સ્વજન સૂતાદિના સંબંધનો વિવેક સમજાવે છે.

## પ્રથમ ઉદ્દેશક

### સંબંધ મીમાંસા

ઋણાનુબંધથી માતા-પિતાદિના સંબંધો યોજાય છે. આવા સંબંધો જો કેવળ કર્તવ્યરૂપે રહે તો તેમાં વિકાસને સ્થાન છે જ. પણ માયાજાળમાં ફસાયેલા જીવો ઋણાનુ-બંધને નામે પ્રાયઃ મોહસંબંધ જ પોષતા હોય છે. મોહસંબંધ અને કર્તવ્યસંબંધ છેક ભિન્ન ભિન્ન છે. કર્તવ્ય સંબંધ બદલો ઇચ્છતો નથી. મોહસંબંધ ઇચ્છે છે. કર્તવ્યસંબંધમાં બંધન નથી. મોહસંબંધમાં બંધન છે જ. માટે ચૂકવવાની તૈયારી સંબંધમાત્રથી પર થવાનો આદર્શ રજૂ કરતા —

ગુરુદેવ બોલ્યા :

(૧) પ્રિય જંબૂ ! જે શબ્દાદિ વિષયો છે તે સંસારનું મૂળ છે. વિષયોથી પ્રમાદી બની અતિ પરિતાપથી પરિતૃપ્ત રહ્યા કરે છે.

(નોંધ : શબ્દાદિ વિષયોથી વાસનાને વેગ મળે છે. કામેચ્છાથી ચિત્તનો વિકાર થાય છે. વિકૃત ચિત્તવાળો જીવાત્મા વિષય ઉપભોગમાં વાસ્તવિક આનંદ ન હોવા છતાં ચૈતન્ય રસ આનંદની પ્રાપ્તિ અનુભવવાને આતુર બને છે. આતુરતા, મુગ્ધતા, આસક્તિ જ સંસારનું મૂળ છે.)

(૨) હે જંબૂ ! સાંસારિક સંબંધો અને પદાર્થોની વળગણામાં ફસાયેલા લોકો જીવનના અંત સુધી ગાફેલ બની આસક્તિથી જ કર્મબંધન કરતા રહે છે.

(નોંધ : મોહ અને મમતાનો વેગ નરમ પડ્યા પછી મોહ સંબંધ છૂટી શકે છે.

ધનાદિમાં અતિ લુબ્ધ બની અનેક પ્રકારે વારંવાર હિંસા કરી નાખે છે.)

(નોંધ : આસક્તિ એ પરિગ્રહ વધારવાના હેતરૂપ છે. પરિગ્રહ વૃદ્ધિથી પ્રેમ, પ્રમોદ, મૈત્રી, મધ્યસ્થતા વગેરે ઉચ્ચ ગુણો વિનાશ પામે છે. પરિગ્રહી કદાચ કાયાથી અહિંસક હોઈ શકે કે રહી શકે છે, પરંતુ તેના હૃદય-મંદિરમાં માનસિક હિંસાની વૃત્તિનો બગાડ તો અવશ્ય હોય જ).

(૩) ગુરુદેવ ! આસક્તિ કેમ ઘટે ?

અહો જંબૂ ! એનો પ્રથમ ઉપાય સંસારની અસારતાનો વિચાર અને બીજો ઉપાય સંયમ છે.

(નોંધ : યુવાનવય જ ચૈતન્ય વિકાસ સાધવાની સાધનાની વય છે. જરાવસ્થામાં શરીર પણ પરવશ સમું બની રહે છે.)

(૪) જરાવસ્થાવાળો તે વૃદ્ધ જેની સાથે વસે છે તે જ સગાંઓ વૃદ્ધાવસ્થામાં એને તરછોડે છે.

(૫–૬) હે જંબૂ ! ધીમાન પુરુષ ઉત્તમ અવસર પામીને તુરત જ વિચાર માર્ગની અભિમુખ થઈ સંયમી બને છે. ઘડીભર પણ પ્રમાદ કરતો નથી.

અસંયમી જીવવા માટે આતુર બની પ્રાણીઓને મારે છે.

(૭) હે જંબૂ ! કુટુંબીજનોનું તે પોષણ કરે તો પણ તેઓને તે બચાવી શકનાર નથી.

(૮) પરિગ્રહ ભાવનાવાળા પુરુષો કુટુંબને કામ આવશે, લાગશે એમ ધારીને સંગ્રહીત કરે જાય છે.

( નોંધ : પુત્ર કે કુટુંબને અર્થે ધન ભેળું કરી આપવામાં જ માત્ર કર્તવ્ય ધર્મ પૂર્ણ થઈ જતો નથી. આપેલું ધન પણ જો સંસ્કાર ન હોય તો ધૂળમાં મળે છે અને સંસ્કાર હોય તો નિર્ધનતા હોવા છતાં પ્રભુત્વ પ્રાપ્ત થાય છે. એટલે તે સારુ પરિગ્રહ વધારે જવો એ કેવળ ભ્રમમૂલક માન્યતા છે.)

(૯) તે બધાને તને અથવા તું પોતે સગાને કદી બચાવી શકવાને સમર્થ નથી જ એ વાતને પુનઃ પુનઃ ચિંતવ.

(૧૦) પ્રત્યેક પ્રાણી પોતપોતાના સુખ અને દુઃખના પોતે નિર્માતા અને ભોક્તા છે.

(નોંધ : હું જ કરું છું તો ચાલે છે. એ માત્ર મિથ્યા અભિમાન છે.)

(૧૧) અહો સાધકો ! કાયાની વિજ્ઞાનશક્તિ મંદ પડી નથી ત્યાં લગી જ આત્માર્થ સિદ્ધ કરવા પ્રયત્ન કર.

### ઉપસંહાર

સંબંધની આસક્તિથી મમત્વ થાય છે અને એ મમત્વથી અહંકારની વૃદ્ધિ થાય છે માટે સંબંધોની આસક્તિથી વેગળા રહેવું અને નિરાસક્તભાવે સત્કર્મ કરતા રહેવું એ જ સમુચિત છે એમ કહું છું.

લોકવિજય અધ્યયનનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## દ્વિતીય ઉદ્દેશક

### સંયમની સુદૃઢતા

સંયમની સાધનામાં ગયા પછી સંયમ પ્રત્યે કદાચ અરતિ ઉત્પન્ન થાય તો શું કરવું ? તે બતાવતાં શ્રી સુધર્મસ્વામી જંબૂસ્વામીને ઉદ્દેશીને બોલ્યા :

(૧) અહો જંબૂ ! સાધકને ત્યાગ માર્ગમાં કદાચ કોઈ સારા માઠાં નિમિત્તથી અરુચિ ઉત્પન્ન થાય તો તે

તેને દૂર રાખે. તેમ કરવાથી કર્મબંધનથી ઘણા જ અલ્પકાળમાં મુક્ત થવાય છે.

(નોંધ : સાધનાનો માર્ગ કપરો છે. ઘડીમાં પ્રલોભન, ઘડીમાં વિપત્તિ એવાં એવાં અનેક પતનનાં નિમિત્તો ખડાં થાય છે. ઘડીકમાં નિંદા, તો ઘડીકમાં પ્રશંસા. ત્યાં નટની જેમ એક લક્ષ્ય પર સમભાવ રાખી જે સાધક જીવન નિર્વહે છે તે તરત જ પાર ઊતરે છે. પરંતુ જે નિમિત્ત કારણોની આંટીમાં સપડાય છે તેની ગૂંચવણનો પાર રહેતો નથી.)

(૨) અજ્ઞાની મૂઢજીવો પરિષહ કે ઉપસર્ગ આવતાં વીતરાગ દેવની આજ્ઞાથી ઊલટું વર્તીને સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

(૩) અમો અપરિગ્રહી રહી શકીશું એમ બોલી કેટલાક દીક્ષિત થવા છતાં વીતરાગ આજ્ઞાથી ભ્રષ્ટ થઈ મુનિવેશને લજવીને કામભોગોનું સેવન તથા તે મેળવવાના ઉપાયોમાં રચ્યાપચ્યા રહે છે. તેઓ નથી આ પાર કે નથી પેલે પાર.

(નોંધ : મુનિવેશ હોવાથી તે ગૃહસ્થી નથી કે મુનિપદની જવાબદારી પ્રમાણે ન વર્તતા હોવાથી તે મુનિ પણ નથી.)

(૪) પ્રથમથી જ લોભને નિર્મૂળ જેવો કરીને પછી જ ત્યાગી બને છે તે જ ખરેખર અણગાર કહેવાય છે.

(નોંધ : લોભ એ સર્વ દોષોનું મૂળ છે તેની

આસક્તિ ઘટે ત્યારે જ સાધુતા આવે છે.)

(૫) અજ્ઞાની જીવો વિત્ત-વનિતામાં ગાઢ આસક્તિ રાખી ચિંતાની ભઠ્ઠીમાં સળગ્યા કરે છે અને વગર વિચારે વારંવાર હિંસકવૃત્તિથી અનેક દુષ્કર્મો કરી નાખે છે.

(નોંધ : આસક્તિ અને મધ્યસ્થતા બંને વિરોધી છે. આત્માના સહજ ગુણોનો આસક્તિથી લોપ થાય છે અને સમજ, કાર્યદક્ષતા એવા અનેક ગુણોને ધારણ કરનારો સાધક પણ અક્ષમ્ય એવી ઘણી ભૂલો કરી બેસે છે. આથી આસક્તિને દૂર કરવી એ સાધનાનું મુખ્ય અંગ હોવું ઘટે.)

(૬) અહો જંબૂ: અનેક પ્રકારના બળોની પ્રાપ્તિ માટે પાપનો નાશ થશે અથવા પરલોકમાં સુખ મળશે એવી ઇચ્છાથી ઘણા અજ્ઞાનીજનો આરંભનાં કાર્યો કરે છે. માટે સાધકે હિંસા ત્રિકરણથી ત્યાગવી.

આ માર્ગ વીતરાગ દેવોએ બતાવ્યો છે.

### ઉપસંહાર

આત્મસાક્ષાત્કાર ન થયો હોય ત્યાં સુધી વૃત્તિના પૂર્વઅધ્યાસોને લઈને તે સાધકને ડગુમગુ સ્થિતિ થવાનો ભય રહે છે. આવે સમયે જે પુરુષોએ એ પરમરસ ચાખ્યો છે તેમના વચનો પરની અપૂર્વ શ્રદ્ધા અને તેવા સત્પુરુષોની આજ્ઞાની આરાધના એ જ અપૂર્વ અવલંબન છે એમ કહું છું.

લોકવિજય અધ્યયનનો દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## તૃતીય ઉદ્દેશક

### માનત્યાગ અને ભોગવિરક્તિ

સંયમમાં અરતિ થવાનું કારણ અજ્ઞાન, લોભ અને કામ છે. તેનું વર્ણન બીજા ઉદ્દેશકમાં આપી સૂત્રકાર હવે લોભથી બીજા અંકના માનકષાય (અહંકાર) તથા ભોગત્યાગ વિષે કહેવા માંગે છે.

ગુરુદેવ બોલ્યા :

(૧) હે જંબૂ! આ જીવાત્મા ભૂતકાળમાં ઉચ્ચ ને નીચ ગોત્રમાં અનેકવાર ઉત્પન્ન થયો છે એમ જાણી જરાયે અહંકાર કે હીનતા ન કરવી. જે જેનો મદ કરે છે તે તે જ સ્થિતિમાં જઈ હીનતા પામે છે.

(નોંધ : ગોત્રનો અર્થ કુળ અને ગતિ થાય છે. જે ઉચ્ચતાનું અભિમાન કરે છે તેનો આત્મા અભડાય છે અને પોતાની નીચી સ્થિતિ માની પામરતા ધરે છે તે પણ પોતાની મેળે દુઃખિત થાય છે. માટે બુદ્ધિમાન પુરુષ ઉચ્ચપણાનો હર્ષ કે નીચપણાનો શોક ન કરે.

(નોંધ : ઈશ્વરશક્તિ કે બીજું કોઈ કોપ કરીને દુઃખ આપે છે તેવું કશું નથી.)

(૩) કર્મરચનાના સ્વરૂપથી અજાણ જીવાત્મા રોગથી પીડાય અને અપકીર્તિને પામીને જન્મમરણના ચક્રમાં ફસાતો રહે છે.

(૪–૫) મમત્વવાળા જીવને જીવન અને સુખ અતિપ્રિય લાગે છે, છતાં કર્મના પરિણામે એને મરણ અને દુઃખ બંને સહેવાં પડે છે. કદાચ શુભકર્મવશાત્ બાળજીવોને વિવિધ પ્રકારના પદાર્થો મળે તોય એને મેળવીને એમાં જ તેઓ સતત આસક્ત બની રહે છે.

(નોંધ : જ્યાં આસક્તિ છે ત્યાં સુખદ સાધનોની હાજરી હોય તોય માનસિક દુઃખ તો છે જ.)

(૬) એવા સંપૂર્ણ બાળ અને મૂઢ જીવો વિપર્યાસ પામીને એમ બકતા ફરે છે કે આ જગતમાં તપશ્ચર્યા યમ કે નિયમ કશાયે કામનાં નથી.

(નોંધ : ઇન્દ્રિયદમન, મનોદમન સંયમ એ બધાં આત્મવિકાસનાં મુખ્ય અને ઉપયોગી અંગો છે.)

(૭) જે પુરુષો સાચા અને શાશ્વતા સુખના ઇચ્છુક છે તેઓ આવા સ્વચ્છંદી અને અસંયમી જીવનને ઇચ્છતા નથી.

(૮–૯–૧૦) કાળનો કશો ભરોસો નથી બધા જીવો લાંબા આયુષ્યને તથા સુખને ચાહે છે. મરણ અને દુઃખ બધાને અપ્રિય છે.

(૧૧) કેટલાક લોકો મનુષ્યો પશુઓ રાખીને એ દ્વારા દ્રવ્ય સંયમને બદલે ઊલટું પોતાની સ્વાર્થપૂર્તિ માટે માત્ર ધન એકઠું કર્યા કરે છે. અને તેમાં આસક્ત થતાં રહે છે.

(નોંધ : પ્રથમ તો અજ્ઞાનથી માની લીધેલાં સુખ ભોગવવાનાં સાધનોને એકઠાં કરવામાં જ કપરું કષ્ટ ભોગવવું પડે છે. છતાં તે સાધનો ધર્મવિહિત પ્રયત્નોથી મેળવે છે કે કેમ તે એક પ્રશ્ન છે તેથી જ તેવી અર્થપ્રાપ્તિથી ઈચ્છાની વાસ્તવિક તૃપ્તિ નથી થતી.)

(૧૪) આ બધું વીર પ્રભુએ અનુભવ પૂર્વક જણાવ્યું છે.

(૧૭–૧૮) તત્ત્વ સમજનારને કંઈ આ ઉપદેશ આપવાની જરૂરત નથી. જે બાળ અજ્ઞાની વિષયોમાં આસક્ત બની વિષયોનું સેવન કરતાં કરતાં ભોગેચ્છા શાંત ન થતાં દુઃખો વધારીને દુઃખોના જ ચક્રમાં ભમે છે એમને સારુ આ ઉપદેશ છે.

(નોંધ : સ્વચ્છંદીને અપાયેલો ઉપદેશ અનર્થકારી નીવડે છે અને જિજ્ઞાસુ ઉપદેશને સ્વયં શોધી લે છે.

### ઉપસંહાર

અહંકાર અનિષ્ટ તત્ત્વ છે. તે જ પ્રમાણે પામરતા દીનતા પણ અનિષ્ટ તત્ત્વ જ છે. ધનપ્રાપ્તિ, સાધનપ્રાપ્તિ તથા ઉચ્ચતાની પ્રાપ્તિ શા માટે? એનું ફળ શું? વગેરે જાણી ભ્રાન્તમાર્ગને છોડી સાચા માર્ગે ચાલવું કે ચાલવા પ્રયત્ન કરવો એ જ ઉત્તમ છે એમ કહું છું.

લોકવિજય અધ્યયનનો તૃતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## ચતુર્થ ઉદ્દેશક

### ભોગોથી દુઃખ શા માટે?

કામભોગથી આસક્તિ, આસક્તિથી કર્મબંધ, કર્મબંધનથી આધ્યાત્મિક મૃત્યુ, આધ્યાત્મિક મૃત્યુથી દુર્ગતિ અને દુર્ગતિથી દુઃખ. આ રીતે કામભોગ એ દુઃખનું મૂળ છે.

ગુરુદેવ બોલ્યા :

(૧) હે જંબૂ! કામભોગોની આસક્તિથી રોગો ઉત્પન્ન થાય છે.

(૨) એવે વખતે જેની સાથે તે વસે છે તે સ્નેહીઓ જ તેને અવગણે છે અથવા સેવાશુશ્રૂષા ન થતાં તે રોગી તેમને અવગણે છે.

(૩) સ્નેહીઓ તેને રક્ષણ કે શરણ આપી શકનાર નથી અને પોતે પણ તેમને રક્ષણ કે શરણ આપી શકવા સમર્થ નથી. પોતપોતાનાં સુખદુઃખો સૌ જીવોને પોતપોતાને જુદાં જુદાં ભોગવવાં પડે છે. કુટુંબાદિકના અર્થે ક્રૂર કર્મ કરીને એકઠું કરેલું ધન પારકાને ત્યાં ચાલ્યું જતાં તેને ખૂબ દુઃખ થાય છે.

(૭) માટે હે ધીરપુરુષો! તમારે વિષયની આશા અને લાલસાઓથી દૂર રહેવું.

(નોંધ : વિષયોની આશા એટલે આસક્તિ, અને લાલસા એટલે પરિગ્રહ. એ બંને ઝેર છે એ ઝેરના સંસર્ગથી આત્માનું મૃત્યુ થાય છે.

(૮) તમે જાતે જ આશારૂપ શલ્ય અંતઃકરણમાં રાખીને હાથે કરીને દુઃખી થાઓ છો.

(નોંધ : આશાથી ચિત્ત સંતૃપ્ત રહે છે એથી તેને શલ્યની ઉપમા આપી છે. શલ્ય નાનું હોવા છતાં હૃદયના કોમળ ભાગમાં ચૂભવાથી ક્ષણે ક્ષણે ચિંતા, ખેદ, દુઃખ વગેરે ઉત્પન્ન થયા કરે છે.)

(૯) પૈસાથી ભોગોપભોગ મળે અને ન પણ મળે.

(નોંધ : જે જડ સંસ્કૃતિ ધનને ભોગપ્રાપ્તિનું સાધન માને છે એને પણ આ સૂત્ર જવાબ આપે છે કે ધન કે પદાર્થો મળ્યા પછી પણ જેનામાં સંગ્રહવૃત્તિ નથી એ જ એનો ઉપયોગ કરી શકે છે, બીજો નહિ. એથી ભોગોપભોગનાં સાધનો મળે તોય શું ? શરીર સ્થિતિ ખરાબ હોય તો ભોગોથી વંચિત જ રહેવું પડે અથવા તે મેળવેલુંય વેડફાઈ જાય અને કદાચ ભોગો ભોગવવા મળે તોપણ ભોગથી સુખ થાય છે એ તો માત્ર ભ્રાન્તિ જ છે. પ્રાપ્ત થયેલા અક્ષણિક સુખના ગર્ભમાં અનંત ગણું દુઃખ છે. તેનો અનુભવ ક્યાં દૂર છે ?)

(૧૦) જે જીવાત્માઓ મોહની આંધીથી અંધ થયેલા છે તે અનુભવ થવા છતાં આવી સીધી અને સરળ વાત સમજી શકતા નથી એ જ વિશ્વની વિચિત્રતા છે.

(૧૧) ઊલટા સ્ત્રીઓમાં આસક્ત થયેલા જનો એમ પણ બોલે છે કે, "સ્ત્રીઓ જ એક સુખ મેળવવાનું સ્થાન છે."

(નોંધ : ૧૧ અને ૧૨ સૂત્ર સ્ત્રી-જાતિનું સન્માન અને પુરુષ જાતિની મર્યાદા સૂચવે છે.)

(૧૩) પરંતુ મોહથી મૂઢ થયેલા જીવો પોતાનો વાસ્તવિક ધર્મ જાણી શકતા નથી.

(૧૪) આથી અનંત જ્ઞાની તીર્થંકર દેવે પ્રથમથી જ કહ્યું છે કે કંચન, કામિની એ મહામોહના નિમિત્તભૂત છે.

(૧૫) એ રીતે કુશળ પુરુષે અપ્રમાદથી મોક્ષ અને પ્રમાદથી થતાં મરણને વિચારીને તથા શરીરને ક્ષણભંગુર જાણીને પ્રમાદ દૂર કરવો.

(૧૬) ભોગોમાં કાંઈ તૃપ્તિ નથી. માટે એ કશા કામના નથી. ઓ મુનિ ! કામ ભોગેચ્છા મહાભયંકર છે એમ વિચાર.

(નોંધ : ૧૫ અને ૧૬મા સૂત્રમાં વિષયોના વલણ તરફ વળતા મનને આત્મમગ્ન કરવાનો પ્રયોગ બતાવ્યો છે.

(૧૭) સંયમી મુનિએ કોઈ જંતુને પીડા ન આપવી.

(૧૮) જેઓ આવો સંયમ પાળતાં કશો ખેદ નથી પામતા એવા અપ્રમાદી અને પરાક્રમી મુનિ જ વખણાયેલા છે.

(૧૯) એવો મુનિ–સાધક પોતાના સંયમ નિર્વાહનાં સાધનો ગૃહસ્થો પાસેથી નિર્દોષ રીતે મેળવે, કદાચ કોઈ આપે ન આપે તો તેના તરફ કોપ ન કરે, થોડું મળવાથી તેની નિંદા ન કરે અને નકાર કરે અથવા આપે તોપણ પોતાને સ્થાને પાછો વળે.

(નોંધ : પ્રજાની ફરજ છે કે સંયમીને ઉપયોગી

સાધનો પૂરાં પાડવાં, પણ પ્રજા એ ફરજ ચૂકે તોય સાચો સંયમી એનું દુઃખ મનમાં ન લાવે. તેમ જ સંયમનાં સાધનો મેળવવા માટે ગૃહસ્થના અતિ સંસર્ગમાં ન આવે.)

(૨૦) મુનિરાજ આવું મુનિત્વ પાળે.

### ઉપસંહાર

ભોગ અને ઉપયોગ બંને ભિન્ન વસ્તુ છે. એક આસક્તિ વધારે છે બીજું આસક્તિ ઘટાડી સંયમના દાન કરે છે. એકમાં સ્વચ્છંદ છે, બીજામાં વિવેક છે, એથી જ ભોગો દુઃખજનક બને છે ને સંયમ સુખપ્રેરક બને છે. એમ હું કહું છું.

લોકવિજય અધ્યયનનો ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## પંચમ ઉદ્દેશક

### ભિક્ષા કેવી મેળવવી?

આહારની પણ વૃત્તિ પર અસર થાય છે તેથી નિર્દોષ વૃત્તિ રાખવા માટે સાધકને ખોરાકની પણ શુદ્ધિ અશુદ્ધિનો વિવેક કરવાની ખૂબ આવશ્યકતા છે.

ગુરુદેવ બોલ્યા :

(૧) જંબૂ! લોકો પોતાને તથા સગાસંબંધીઓ માટે ખાવાપીવા સારુ પ્રભાતે કે સાયંકાળે જુદા જુદા પ્રકારના શસ્ત્રોથી આરંભ કરે છે અને ઘણું ઘણું સંઘરી

પણ રાખે છે.

(નોંધ : ગૃહસ્થોની સંગ્રહવૃત્તિનો મુનિને ચેપ ન લાગે તેવી જાગૃત અવસ્થા રાખવા માટે ઉપરનું સૂચન છે.)

(૨) માટે આવે પ્રસંગે સંયમમાં ઉદ્યમવંત આર્ય પવિત્ર–બુદ્ધિમાન, ન્યાયદર્શી, અને સમયજ્ઞ તથા તત્ત્વજ્ઞ અણગારે દૂષિત આહાર લેવો નહિ, લેવડાવવો નહિ તથા લેનારને પ્રશંસવો નહિ.

(નોંધ : ઘર અને ઘરનું મમત્વ ન હોય તે અણગાર, જેનું અંતઃકરણ નિર્મળ હોય તે આર્ય, જેની બુદ્ધિ પરમાર્થ તરફ ઢળે તે આર્યપ્રજ્ઞ અને ન્યાયમાં જ જેનું સતત રમણ હોય તે આર્યદર્શી, અને સમયને યોગ્ય ક્રિયા કરનાર હોય તે સમયજ્ઞ કહેવાય છે. બધાં વિશેષણો સાર્થક અને તેટલી વધુ જવાબદારીનાં સૂચક છે.)

(૩) ભિક્ષુ સાધક બધાં દૂષણોથી દૂર રહી નિર્દોષ-પણે સંયમનું પાલન કરે.

(૪) વળી, મુનિ ક્રય–વિક્રય (લેવું, વેચવું)નું કાર્ય પોતે ન કરે. કરાવે નહિ કે કરનારની પ્રશંસા પણ કરે નહિ.

(૫) પ્રિય જંબૂ ! એવો મુનિ પોતાની શક્તિ, ઉપયોગી આવશ્યકતા, ક્ષેત્ર, કાળ, અવસર જ્ઞાનાદિના વિનયને તથા પોતાનાં શાસ્ત્ર, પરમતનાં શાસ્ત્ર અને અન્યના અભિપ્રાયને જાણનારો, પરિગ્રહની મમતા દૂર કરનારો તથા નિરાસક્ત ભાવે યથાકાળ અનુષ્ઠાન કરનારો બની રાગ અને દ્વેષનાં

બંધનોને છેદીને મોક્ષના માર્ગમાં આગળ ધપે છે.

(નોંધ : જે કાર્ય કોઈ કાળ માટે આદરણીય હોય છે તે જ કાર્ય બીજા કાળમાં ત્યાજ્ય થઈ જાય છે. જો કાળને ન ઓળખે તો તે કાર્ય રૂઢિમય થઈ અનિષ્ટ ઉત્પન્ન કરે.)

(૬) વળી, મુનિએ વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ સ્થાનક અને આસન વગેરે સંયમનાં સાધનો પણ ગૃહસ્થ પાસેથી નિર્દોષ રીતે ગ્રહણ કરવાં જોઈએ.

(૭) વળી, મુનિને આહારાદિ જે કંઈ મળે તેમાં પણ તે વિવેકપૂર્વક પરિમિત જ ગ્રહણ કરે.

(નોંધ : ગૃહસ્થને બોજો થાય, તેને ફરીથી તે પદાર્થ ઉત્પન્ન કરવાની તકલીફ પડે તે રીતે પદાર્થ ગ્રહણ ન કરે.)

(૮) આત્માર્થી જંબૂ! વળી ત્યાં પણ ભગવાને કહ્યું છે કે મુનિ આહારાદિનો મને કેવો લાભ મળ્યો છે. હું ખરેખર લબ્ધિવાળો છું એવું અભિમાન ન ધરે.

(૧૦) જે જીવ સતત વિષયવાંછના કર્યા કરે છે તે વિષયોનો વિયોગ થતાં ક્ષણે ક્ષણે શોક કરે છે, ઝૂરે છે, લાજ છોડી દે છે અને પીડાય છે.

(૧૧) જે સંસારની વિચિત્રતાને જાણે છે તે લોકમાં જીવો કેમ ઉત્પન્ન થાય છે તેનો વિવેક જાણી શકે છે વિષયાદિની આસક્તિથી દૂર રહે છે તે જ વીર છે. વીરપુરુષો જ સંસારમાં બંધાઈ રહેલા બીજા જીવોને બંધનોથી મુક્ત કરી શકે છે.

(૧૩) આ શરીર અંદરથી અને બહારથી પણ અસાર છે.

(નોંધ : માણસ શરીરને અથવા નાશવંત જડ વસ્તુઓને દેખે છે તેના ઉપર આકર્ષાય છે, એને લાગે છે કે પોતાને આકર્ષી શકે એવું કાંઈ તત્ત્વ આ શરીરમાં યા તો જડ વસ્તુમાં છે અને એને શોધવા તથા સ્પર્શવા તે મથે છે, પરંતુ મને આકર્ષનાર તે શરીર નથી, પણ મારી વૃત્તિનું એ શરીરમાં પડેલું એ માત્ર પ્રતિબિંબ છે. આ રીતે પોતાના પ્રતિબિંબને પડછાયાને બહાર કલ્પીને જ્યારે સ્પર્શવા મથે છે ત્યારે પોતે તથા પોતાનું પ્રતિબિંબ જે આયનામાં પડે છે તે આયનો, એમ બંને વિકૃત થાય છે. એટલે જ કોઈ ફિલસૂફે કહ્યું છે કે Beauty is to see not to touch – સૌંદર્ય જોવા માટે છે, ભોગવવા માટે નહિ.)

(૧૫) બુદ્ધિમાન પુરુષે બાળક જેમ મુખમાંથી પડતી લાળને ચૂસે છે તેમ લાળ ચૂસનાર ન થવું અને સ્વાધ્યાય ચિંતનાદિમાં મસ્ત રહેવું.

(નોંધ :– ઊગતા સાધકને અનેક ઇચ્છનીય અને અનિચ્છનીય વૃત્તિઓ તો આવ્યા જ કરે છે, પણ એ વૃત્તિઓને બાળકની લાળ માફક ચૂસી ન જાય પણ ફેંકી દે અર્થાત્ વમવા જેવી ખોટી વૃત્તિ જાગે તેને મૂર્ત સ્વરૂપ ન આપતાં, શરીર જેમ બાહ્ય અને આંતરિક અસાર છે તેમ તજ્જન્યવૃત્તિને પણ અસાર તેમ જ મલિન સમજીને તુરત જ વમી નાંખે. મનુષ્ય અકાર્યને જ્યારે

અકાર્યરૂપે જુએ છે ત્યારે જોયા પછી પણ કર્મને દોષ આપે છે, પણ ખરી રીતે ત્યાં એના સાચા પુરુષાર્થની જ ખામી છે.

(૧૭) હે જંબૂ! અતિ આસક્તિવાળો પુરુષ આ ક્ષણભંગુર શરીરને પણ જાણે તે અજર અમર હોય નહીં તેમ તેના માટે હમેશાં ચિંતાતુર રહે છે.

(નોંધ : વ્યામોહ ન રાખતાં શરીરમાત્ર એક ઉપયોગી સાધન છે એમ સમજીને જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

ક્રિયા પોતે એકાંત રીતે નિષેધવા યોગ્ય કે આરાધવા યોગ્ય નથી. કારણ કે મુખ્યત્વે ક્રિયામાં ધર્મ કે અધર્મ નથી, પણ વૃત્તિમાં છે. વૃત્તિ જ, ભાવના જ ક્રિયાને કિંમત આપે છે. ક્રિયા એવી સ્વીકાર્ય હોવી ઘટે કે જેમાં આસક્તિ ન વળગે અને નિરાસક્તવૃત્તિ કેળવાતી જાય. વિકાસ ન રુંધાય પણ વૃદ્ધિ પામે. શુભ ભાવના વધે અને જે ક્રિયાથી આમ ન બને તે ક્રિયાનો ત્યાગ કરનાર તે ત્યાગી.)

(૧૯) પરમાર્થ ન સમજવા છતાં પંડિતપણાનું અભિમાન ધરી બકવાદ કરનારા કેટલાક વેશધારી શ્રમણો કામવિકાર શમાવવાના ઉપદેશક થઈ વર્તે છે, અને જાણે અમે કંઈ અપૂર્વ કાર્ય કરીશું એવો ડોળ ધારીને ફરે છે, પણ તેઓ નાનામોટા જીવજંતુને હણનારા બને છે એ શોચનીય છે.

એવા અજ્ઞાનીઓ જેને ઉપદેશ આપે છે કે સંસર્ગમાં આવે છે તે કર્મથી બંધાય છે; માટે એવા બાળ જીવોની સોબત ન કરવી, પણ જે તેવાઓની સંગતિ કરતા હોય તેમની પણ સોબત ન કરવી. જેઓ ગૃહવાસ ત્યાગી શ્રમણ થાય છે તેમને તો હિંસાથી કાય ચિકિત્સા કરવાનોય ઉપદેશ યોગ્ય નથી.

(નોંધ : પંડિતપણું અને પરમાર્થનું સમજવું એ ભિન્ન વસ્તુ છે. જેણે માત્ર ગોખ્યું કે વાંચ્યું જ નહિ પણ અનુભવ્યું છે તે તેટલો એટલે કે પોતાના અનુભવ પૂરતો જ ઉપદેશ દેવા યોગ્ય છે એમ કહી અહીં ઉપદેશકનું અને સત્પુરુષનું લક્ષણ આંક્યું છે. કામવિકારનું શમન અને ચુસ્ત અહિંસા એ બે સંતનાં મુખ્ય લક્ષણો છે. એવા સંતનો જ સત્સંગ કે ઉપદેશ ઉપકારક બની શકે છે.)

ઉપસંહાર

શુદ્ધવૃત્તિ રાખવી એ શુદ્ધ જીવન જીવવાનું મૂળ છે અને શુદ્ધ જીવન જ સાચા સુખનું જનક છે એમ કહું છું.

લોકવિજય અધ્યયનનો પંચમ ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## ષષ્ઠ ઉદ્દેશક

### લોકસંસર્ગ રાખવો પણ મમત્વ છોડવું

સંગ બંધન નથી પણ મમત્વ બંધન છે.

સંયમી મનુષ્યને પણ ઊંડું ઊંડું મમત્વ હોય છે **મમતા** મમત્વબુદ્ધિમાંથી જન્મે છે માટે તે પર કાબૂ **લા**વવા પ્રયત્ન કરવો ઘટે.

ગુરુદેવ બોલ્યા :

(૧–૨) વહાલા જંબૂ ! સંયમાભિમુખ થયેલો સાધક સ્વયં થોડું પણ પાપકર્મ ન કરે, ન કરાવે, છકાયના જીવો પૈકી એક કાયના આરંભમાં પ્રવર્તતા હોય તે છકાયનો આરંભ કરનાર ગણાય છે.

(નોંધ : એકને પણ હણવાની બુદ્ધિ રાખે છે કે હણે છે તે છયે કાયનો વિઘાતક ગણાય છે. જો હિંસકવૃત્તિ હશે તો તેને લઈને તે સાધક સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય કે અપરિગ્રહની આરાધના પણ નહિ કરી શકે.

(૩–૪) જેને મમત્વ નથી તે જ મોક્ષ માર્ગનો જાણકાર સાધક સમજવો.

(નોંધ : જ્યાં સુધી મમત્વની વૃત્તિ અંતઃકરણ સાથે જડાયેલી છે ત્યાં સુધી કોઈપણ પદાર્થને જોઈને આસક્તિ થવાની. બાહ્ય પદાર્થોનો ત્યાગ સાધનાની પ્રાથમિક ભૂમિકા માટે ઉપયોગી છે. કારણ કે પ્રથમ તે પરથી ચિત્તવૃત્તિને હટાવવાનો પ્રયોગ કરવો અને પછી તે ચિત્તવૃત્તિની આંતરિક વાસનાનું રહસ્ય સમજી તે પર વિજય મેળવતા જવું એ સાધકના વિકાસનો સાચો માર્ગ છે.

(૫) હે જંબૂ! સાધક લોકસ્વરૂપને જાણીને લોક સંજ્ઞાઓ દૂર કરી વિવેકપૂર્વક પોતાના પંથમાં વિચરે.

(નોંધ : વૈરાગ્ય પ્રગટ્યા પછી જે સાધક પૂર્ણતા ન માની લેતાં મમત્વબુદ્ધિના સ્વરૂપને સમજી તેના પર કાબૂ લાવવાનો પુરુષાર્થ આદરે છે તે શીઘ્ર આગળ ધપે

છે. લોકસંજ્ઞામાં કીર્તિ મોહ, અહંકાર, વાસના વગેરેનો સમાવેશ થાય છે. ધર્મિષ્ઠનાં ઉત્તમ ધર્મકાર્યો પણ આવી વૃત્તિના ધ્યેયથી નિષ્ફળ જાય છે અને વિકાસના માર્ગે આગળ ધપેલા સાધકનું પણ આવી લોકસંજ્ઞાના અંધ અનુકરણથી પતન થતાં વાર લાગતી નથી.

(૧૦) તીર્થંકર દેવોની આજ્ઞાને ન માનતાં જે સાધકો સ્વચ્છંદથી વર્તે છે તે મુક્તિ માટે અયોગ્ય ઠરે છે અને તેવા સાધકો વિજ્ઞાનથી અપૂર્ણ રહે છે.

(નોંધ : નિમિત્તો મળવા છતાં સંયમમાં કંટાળો કે વિષયોમાં રાગ ન ધરવો. અર્થાત્ સમસ્થિતિમાં રહેવું એ જ વીતરાગ આજ્ઞાનું પાલન કર્યું ગણાય.)

(૧૫) સાચો ઉપદેશક જેવો ઉપદેશ રાજાને આપે તેવો જ રંકને આપે. સમભાવ એ જ મુનિનું લક્ષણ છે.

(૧૬) જે મોક્ષમાર્ગ સિવાય બીજે સ્થળે રમતો નથી, તે જ પરમાર્થદર્શી છે. અહો જંબૂ ! ઉપદેશકે શ્રોતાજનનો પંથ, મન વગેરેને જાણીને પછી જ ઉપદેશ કરવો જોઈએ.

(નોંધ : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તથા સ્વશાસ્ત્ર ને પરશાસ્ત્રનો જાણનાર હોય તેવો દીર્ઘદૃષ્ટિ, સમદર્શી જ્ઞાનીપુરુષ જ ઉપદેશક થવાને યોગ્ય છે. એના ઉપદેશથી સાધકનું હિત ન સધાયું હોય તો તે ઉપદેશકે માનવું ઘટે કે ઉપદેશમાં ક્યાંક ભૂલ છે.)

(૧૮) સત્પુરુષો હંમેશાં પોતાના જીવનમાં જ્ઞાન અને ક્રિયા બન્નેને વણીને હિંસાથી લેપાતા નથી.

(૧૯–૨૦) બંધ અને મોક્ષના સ્વરૂપને યથાર્થ રીતે જાણી શકે છે તે જ ખરેખરો પંડિત જાણવો.

(નોંધ : જે જ્ઞાન બંધનથી મુક્ત કરવામાં સહાયક થતું નથી તે સાચું જ્ઞાન નથી. તેવા પંડિતો પોથી પંડિત તરીકે ગણાય છે.)

(૨૨–૨૩) શાણો સાધક સાધનાસંપૂર્ણપ્રરૂપે. જે માર્ગો પ્રવર્ત્યા હોય તે માર્ગે પ્રવર્તે અને જ્યાં ન ચાલ્યા હોય ત્યાં ન ચાલે.

(નોંધ : સાચા સાધકે લોક રૂઢિના સારાસારને અને ઉપયોગીતાને વિચારીને જો એ વિકાસના માટે અડચણ રૂપ હોય તો તજવી જરૂરી રહી. સર્વજ્ઞના વચનમાં જ શ્રદ્ધા રાખવી ઘટે એમને નામે ઉપદેશેલાં સત્યોને વિવેક બુદ્ધિની ગળણીએ ગાળવાં જોઈએ.

## ઉપસંહાર

આત્મા પોતાના પરમાત્મ સ્વરૂપને એક નાના સરખા દેહ અને તેનો લગતાં સાધનોમાં સમાવી દે છે. તેનું નામ અહંવૃત્તિ. અહંવૃત્તિનું પદાર્થ પર ગમન થયા પછી પદાર્થ પરની મમતા જાગવા માંડે છે અને એ જાગ્યા પછી જ્યારે મમત્વ બુદ્ધિનો આરંભ થાય ત્યારે જ પતનનો પ્રારંભ થાય છે.

મમતામાં માત્ર પદાર્થ પ્રત્યેની માલિકી જ નથી પણ એ માલિકીમાં સાધન બુદ્ધિને અવકાશ છે, જ્યારે મમત્વ બુદ્ધિમાં તો તે પણ પદાર્થ પ્રત્યેનો મોહ સિવાય કશુંયે દેખાતું નથી. આત્મભાન સુદ્ધાં ભૂલી જવાય છે.

આથી જ તે 'પદાર્થ' જડ હોવા છતાં ચૈતન્ય ત્યાં વેચાઈ જાય છે. અને તેને જ માત્ર સાધ્ય કલ્પીને તેમાં જ આસક્ત બની અધઃપતન સ્વયં વહોરી લે છે એમ કહું છું.

આ પ્રમાણે લોકવિજય અધ્યયન નામનું દ્વિતીય અધ્યયન પૂર્ણ થયું.

*

## શીતોષ્ણીય

### અધ્યયન ત્રીજું

શીત અને ઉષ્ણ એ બન્ને શબ્દો મળીને શીતોષ્ણ એવો સમાસ થાય છે તે સંબંધી વિગત આમાં હોવાથી આ અધ્યયનનું નામ શીતોષ્ણીય પડ્યું છે.

શીત અને ઉષ્ણ એ બન્ને ભિન્ન અને પરસ્પર વિરોધી ગુણો દેખાય છે. પરંતુ તે બન્નેને વેદનારું મન તો એક જ છે. જે તત્ત્વ ઠંડીનો અનુભવ કરાવે છે, તે જ તત્ત્વ ઉષ્ણનો અનુભવ કરાવે છે.

જે વસ્તુ સુખને જન્માવે છે, તે જ વસ્તુમાંથી દુઃખ પણ જન્મી શકે છે. આ અનુભવ જીવમાત્રને સ્વાભાવિક થાય છે. પરંતુ શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખ, એ બન્નેથી પર એવી કોઈ સહજ સ્થિતિ પણ કોઈ વાર ચિત્ત અનુભવે છે. સાધકને એવો અનુભવ થતાં અને સૂક્ષ્મ રીતે અવલોકતાં તે જાગૃત થઈ જાય છે, અને આ અનુભવમાં જ સાચો આનંદ છે એવી એને પ્રતીતિ પણ થતી જાય છે.

જૈનદર્શનમાં આ સ્થિતિનો સમભાવયોગ તરીકે નિર્દેશ છે. વિકાસની સાધનાનો સમભાવ એ જ પાયો છે.

## પ્રથમ ઉદ્દેશક

### નિરાસક્તિ

સમભાવની સ્થિતિમાં રહેલો સાધક, વિષયો કદાચ સાંનિધ્યમાં આવી પડે તોયે વિષયોનો લેપ લાગવા દેતો નથી. રાગ અને દ્વેષનો વિષયો સાથેનો સંબંધ એ સાધકને બરાબર જ્ઞાત હોય છે. આવી સાધનાને નિરાસક્તિયોગની સાધના કહી શકાય. સંયમ અને પદાર્થ ત્યાગની પાછળ આ વૃતિ તરફ સાવધાન રહેવાનું આ ઉદ્દેશકમાં સૂચવતા

ગુરુદેવ બોલ્યા :

(૧) અજ્ઞાનીજનો સદા સૂતેલા છે. જ્ઞાનીજનો સદાયે જાગૃત છે.

(નોંધ : નિદ્રાના બે પ્રકાર, દ્રવ્ય અને ભાવ, દ્રવ્યનિદ્રા કેવળ દેહ તથા ઇંદ્રિયોના શ્રમનિવારણાર્થે છે. તે નિદ્રાથી સૂનારને શીઘ્ર જાગૃતિ છે. પરંતુ જેઓ ભાવનિદ્રામાં સૂતેલા છે, તેઓ જાગતા દેખાવા છતાંયે સુષુપ્ત છે. અજ્ઞાનથી પ્રાપ્ત થયેલી ચૈતન્યની સુષુપ્તિ એ ભાવ નિદ્રા છે. વિશ્વની નાટયશાળામાં જન્મ, જરા, મૃત્યુ, રોગ, દુ:ખ, સંકટ એનાં અનેક અનુભવપૂર્ણ નાટક ભજવાયે જાય છે. છતાં 'પશ્યન્નપિ ન પશ્યતિ' । આંખ ખુલ્લી હોવા છતાંયે તેઓ જોઈ શકતા નથી, એટલે કે મેળવવા યોગ્ય અનુભવ મેળવી શકતા નથી. આનું નામ

જ ભાવનિદ્રા છે.)

(૩) અહો લોકો! સંસારમાં અજ્ઞાન એ જ દુઃખ છે અને અજ્ઞાન એ જ અહિતકર્તા છે.

(૪) જે સાધકને શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ બધા સુંદર કે અસુંદર પ્રાપ્ત થવા છતાં તે બન્ને વચ્ચે સમાન ભાવ રાખી શકે છે, તે જ સાધક વેદ, ધર્મ તથા બ્રહ્મનિર્વિકલ્પનો જાણકાર જાણવો....

(નોંધ: જેને સુખ દુઃખ પ્રત્યે સમભાવ છે એ ગમે તે હોય માત્ર વ્યક્તિની પૂજા નથી ગુણની પૂજા છે.)

(૫) જરા અને મૃત્યુના સપાટામાં સપડાયેલા અને તેથી હંમેશાં મહામોહથી મૂંઝાઈ ગયેલા પુરુષો ધર્મના રહસ્યને જાણી શકતા નથી.

(નોંધ : મહામોહ એ આત્મસ્વરૂપની ઓળખાણમાં મોટું આવરણ છે. મોહાંધ મનુષ્ય વસ્તુ સમક્ષ હોવા છતાં વાસ્તવિક ધર્મને જાણી શકતો નથી તેને પરિણામે ધર્મરહસ્યને ભૂલી પરંપરાથી ઊતરી આવેલા ક્રિયાકાંડો કે વસ્તુના બાહ્ય ખોખાંને જ વસ્તુનો વાસ્તવિક ધર્મ કલ્પી લેવાની અધીરાઈમાં તે ઝડપાઈ જાય છે. અને આત્મવિકાસ રુંધે છે.

(૬) આ સંસારમાં મોહ એ જ વિહ્વળતાનું કારણ છે. એવું જાણીને તું વિહ્વળ થવાની ઇચ્છા ન કરીશ.

(નોંધ : મહામોહના કારણે જે વિહ્વળતા જન્મે

છે તેનું મૂળ કારણ દેહ અને આત્માની ભિન્નતાનું અજ્ઞાન છે. જ્યાં સુધી આત્માના વિશુદ્ધ સ્વરૂપની પ્રતીતિ ન થાય ત્યાં સુધી સહજ સંયમની જાગૃતિયે થતી નથી.)

(૮) હે જંબૂ! પ્રમાદી અને માયાવી પ્રાણી વારંવાર ગર્ભમાં આવી જન્મ મૃત્યુના ચક્રમાં પડે છે.

(નોંધ : જે ક્રિયા પ્રમાદ અને કષાયથી જન્મે તે ક્રિયા જ આરંભ ગણાય. વિષયોનું ખેંચાણ પણ એ પ્રમાદ અને કષાયના કારણે જ છે.)

(૧૧) હે જંબૂ! અકર્મા સાધકને સંસાર સંબંધ રહેતો નથી. કર્મથી જ સઘળી ઉપાધિઓ જન્મે છે.

(નોંધ : સંસાર એટલે આસક્તિપૂર્ણ વ્યવહાર. કર્મથા એટલે કે આસક્તિપૂર્ણ ક્રિયાથી જ ઉપાધિઓ જન્મે છે. અકર્માનો અર્થ નિરાસક્ત સાધક જ સમુચિત રીતે ઘટે છે.)

(૧૪) બુદ્ધિમાન સાધક સમજે છે કે રાગ અને દ્વેષ એ બંનેય અહિતકર છે.

(નોંધ : જ્યાં રાગ દેખાય છે ત્યાં દ્વેષ છે જ એમ માનવું. કારણ કે રાગ અને દ્વેષ બન્નેનું ઉત્પતિ સ્થાન એક જ છે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં સંસાર છે જ, અને સંસાર છે ત્યાં દુઃખ પણ છે જ, હૃદય સાથે આટલો નિશ્ચય થયા પછી દુઃખથી આત્યંતિક નિવૃત્તિ ઇચ્છનાર સાધક લોકોની પ્રવૃત્તિ તરફ ન ઢળતાં કે સ્વ પર પ્રત્યે

મોહ, વાસના કે રાગ ન ધરતાં કેવળ પ્રેમમય જીવન બનાવે. સત્ય પ્રત્યેનો પ્રેમ જાગ્યા પછી અનુકંપા, સંયમ, ત્યાગ, અર્પણતા અને નિર્ભયતા એ બધું ક્રમશઃ જન્મે છે જ. એમ કહું છું.

શીતોષ્ણીય અધ્યયનનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## દ્વિતીય ઉદ્દેશક

### ત્યાગમાર્ગની આવશ્યક્તા

કયો માર્ગ ગ્રહણ કરવાથી વિભાવિકતા ટળે ? તેના પ્રત્યુત્તરમાં હવે સૂત્રકાર ત્યાગમાર્ગની આવશ્યકતા સમજાવે છે. વ્રતોની આમાં વિચારણા સહેજે સમજાય છે. પહેલા સૂત્રમાં અહિંસા શા માટે એ બતાવ્યું છે. કોઈ પણ સાધક કે જે વિશ્વનું એક અંગ છે, તે પ્રમત્ત બની વિશ્વનાં બીજાં કોઈ પણ પ્રાણીને પીડીને પોતાનો વિકાસ ન સાધી શકે. જે સુખ પોતે વાંચ્છે છે તે બીજાને પણ જોઈએ છે. બીજાને દુઃખે પોતાનું સુખ ન સાધી શકાય, આમાં વ્યક્તિ અને સમાજનો શું સંબંધ છે તેનું આબેહૂબ બયાન છે.

વ્યક્તિના વિકાસમાં સમાજનું પણ હિત છે જ, પછી તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ હોય! કારણ કે વ્યક્તિત્વની પરાકાષ્ઠા સુધી વ્યક્તિ અને વિશ્વનો સંબંધ રહે જ છે. આ વાતની એટલે કે વિશ્વબંધુત્વ ભાવ ભર્યા અહિંસાની ઊંડા સિદ્ધાંતની – ઉપેક્ષા કરીને કોઈ ગૃહસ્થ

કે ત્યાગી સાધક પોતાનો વિકાસ ન સાધી શકે.

ગુરુદેવ બોલ્યા :

(૧) આત્માર્થી શિષ્ય! આ સંસારમાં તું જન્મ અને જરાનાં દુઃખોને જો! તને જેમ સુખ પ્રિય છે તેમ જ આખા સંસારના જીવોને સુખ પ્રિય છે – એમ વિચાર કરી તું તેવું તારું વર્તન બનાવ. બંધનથી મુક્ત થવાનો આ એક ઉત્તમ માર્ગ છે. એમ જાણીને તત્ત્વદર્શી સાધક પાપકર્મ (હિંસા) કરતો નથી.

(નોંધ : જન્મ અને જરાના દુઃખનું નિરીક્ષણ એટલે કે કર્મના અવિચળ સિદ્ધાંતનું નિરીક્ષણ.)

(૨) વળી હે સાધક! જેઓ જીવહિંસાદિ આરંભ અને ગાઢ પરિગ્રહાદિના કાદવમાં જીવનારા અને આ લોક તથા પરલોકમાં માત્ર કામભોગ પ્રાપ્ત કરવાની લાલસાવાળા છે, તેઓ લાલસા દ્વારા કર્મમળને એકઠો કરે છે. અને કર્મમળને લઈને વારંવાર ગર્ભમાં ગમન કરે છે. માટે તેવી જાળમાં તું ફસા મા.

(નોંધ : જીવાત્માની સાથે પરલોકમાં ક્રિયા કે ક્રિયાનું ફળ નથી આવતું, પણ ક્રિયા કરતી વખતે કે ક્રિયા કર્યા પછી જે સંસ્કારો વૃત્તિ ઉપર સ્થાપિત થાય છે, તે જીવાત્મા સાથે રહેલો સંસ્કારોનો સમૂહજ આવે છે; અને તેને આપણે કર્મ તરીકે ઓળખીએ છીએ.)

(૩) વળી અજ્ઞાની અને કામગુણોમાં આસક્ત પુરુષો હાસ્યવિનોદ ખાતર બીજાનો પ્રાણ હરી લેવાની ચેષ્ટા

કરી નાખે છે, તેથી એવા બાળજીવો સાથે સોબત ન કરવી.

(૫) પણ હે ધીર પુરુષો! તમે મૂળકમાં તથા અગ્રકર્મના ભેદને વિવેકબુદ્ધિથી સમજજો. એમ કરવાથી કર્મોના પરિચ્છેદનો અનુભવી તમે સહજ નિષ્કર્મદર્શી–નિષ્કર્મા બની જશો.

(નોંધ: કર્મો બે પ્રકારનાં છે; મૂળ કર્મ અને અગ્રકર્મ. (૧) જે ક્રિયા પાછળ આસક્તિ હોય છે તે જ મૂળકર્મ એટલે મોહનીય કર્મ–મૂળિયાંવાળી આસક્તિ પૂર્વકની ક્રિયા, (૨) અને અગ્રકર્મ એટલે મોહનીયથી ઈતર કર્મો કે જે ક્રિયા પોતે ભલે શુભ કે અશુભરૂપે દેખાતી હોય, પરંતુ જેની પાછળ આસક્તિ ન હોય, તે મૂળિયાંવાળી નહિ, પણ કેવળ અગ્ર એટલે ટોચવાળી ક્રિયા કહેવાય. આવી ક્રિયાઓ જ્યાં સુધી સાધક જીવન છે ત્યાં સુધી રહેવાની જ પણ તેમની પાછળ આસક્તિ નહિ હોવાથી તેવી અગ્રકર્મવાળી ક્રિયાઓમાં આત્મવિકાસ રુંધાતો નથી, એટલું જ નહિ પણ તેવી ક્રિયાઓને લીધે બંધાતા કર્મોનો અંત પણ શીઘ્ર આણી શકાય છે.)

(૬) આ રીતે કર્મભેદનો જ્ઞાતા તે સાધક મરણથી મુકાય છે. જેને ભયનું પણ સંપૂર્ણ ભાન થઈ ચૂક્યું છે, તે મોક્ષનો દ્રષ્ટા બની લોકમાં રહેવા છતાં એકાંત રાગદ્વેષ રહિત સમભાવે જીવી શાંત, સમિતિ ઉપયોગવંત, જ્ઞાનવંત અને સદાપુરુષાર્થી બની, કાળની પરવા ન કરતાં વીરતાપૂર્વક આગળ ધપે છે.

(૭) અહો સાધકો! આ સાધના માર્ગમાં આગળ ધપતાં તમને વૃત્તિ ઠગે તો! પૂર્વે પાપકર્મ બહુ કર્યાં છે તેમ માની હવે તમે સત્યમાર્ગ પર વધુ ને વધુ ધૈર્ય ધારણ કરો. સંયમમાં લીન રહેલા બુદ્ધિમાન સાધકો બધાં દુષ્ટ કર્મોનો નાશ કરી નાખે છે.

(નોંધ : જેના પૂર્વ અધ્યાસો ગાઢ હોઈ લાલસા અને વાસનાના સંસ્કારો જાગૃત થવાના પ્રસંગો વારંવાર આવે તો ચાહે તેટલી વીરતા હોય તો પણ એ વીરતાને નિમિત્તો આપીને નકામી વેડફવી તે કરતાં સંગથી દૂર રહેવું એ વધારે ઉચિત છે; અને એ જ સત્યમાર્ગ–ઉત્સર્ગ માર્ગ છે.)

જેમ દાક્તર દર્દીના રોગને સમજીને તેના આરોગ્ય માટે મેડિકલ અને સર્જીકલ બે જુદી જુદી રીતમાંથી દર્દીને યોગ્ય ગમે તે રીત અખત્યાર કરે છે તેમ ચિત્તના રોગ માટે પણ બે માર્ગ છે. એક તો વિભાવિકતાને વધુ ઉત્પન્ન થવા દેતાં પહેલાં સર્જીકલ નીતિ મુજબ કાપીને ફેંકી દેવી, અને બીજી નીતિ રોગમાં રહેલાં વિભાવિક તત્ત્વોને દૂર કરવા માટે એમની સામેનાં વિભાવિક તત્ત્વોરૂપી દવાઓને નાખીને સ્વાભાવિકતાને ઉત્પન્ન કરવી. જેમ આ બે માર્ગો છે, તેમ કાં તો સાધક લોક સંસર્ગમાં રહેવા છતાં નિર્લેપ રહી સાધનામાર્ગમાં આગળ ધપે છે અને કાં તો એકાંત સેવી સીધો જ વિભાવિકતાને તોડતો તોડતો લોક સંસર્ગથી દૂર રહી

સાધના માર્ગે આગળ ધપે છે. એમ કહું છું.

શીતોષ્ણીય અધ્યયનન દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

*

## તૃતીય ઉદ્દેશક

### સાવધાનતા

આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં સંયમ અને ચિત્ત-વૃત્તિનો સંબંધ સમજાવી સુખ અને દુઃખ એ બન્ને લાગણીથી પર એવા કોઈ (આનંદના) સંવેદનનો સાચો માર્ગ દર્શાવ્યો અને બીજા ઉદ્દેશકમાં આસક્તિથી વિરામ પામવા માટે ત્યાગ માર્ગની આવશ્યકતા અને ત્યાગનું સ્વરૂપ આપ્યું. હવે સૂત્રકાર મહાત્મા ત્યાગ એટલે નિષ્ક્રિય રહેવાની દશા નથી, પરંતુ પળેપળે ઉપસ્થિત થતાં અનેક પ્રલોભનો અને સંકટો વચ્ચે માનસને સમતોલ રાખવાની અથવા તો સત્ક્રિયામાં જાગૃત રહેવાની ભૂમિકા છે એમ સમજાવી ત્યાગનો ગૂઢ ઉદ્દેશ આ ઉદ્દેશકમાં વધુ સ્પષ્ટ કરે છે.

સંકટ સહેવાં અને પાપકર્મ ન કરવાં, એટલે કેવળ નિષ્ક્રિય બનવાનું નથી. દેહને નિષ્ક્રિય રાખ્યું એમ માનીએ તોયે કંઈ મનથી નિષ્ક્રિય રહેવાતું નથી. એટલે ત્યાં પણ સક્રિયતા તો છે જ. માટે અધર્મની ક્રિયા છોડી ધર્મક્રિયામાં રક્ત રહેવું જોઈએ. એક ક્ષણે એક જ ઉપયોગ હોય. અધર્મની ક્રિયા અને ધર્મક્રિયા એકી

સાથે ન હોય. જ્યાં યોગ છે, ત્યાં પ્રવૃત્તિ તો છે જ. આથી નિવૃત્તિ એટલે નિષ્ક્રિયતા નહિ, પણ નિવૃત્તિ એટલે સત્ પ્રવૃત્તિ.

ગુરુદેવ બોલ્યા :

(૧) હે જંબૂ! અવસર મળેલો જાણીને કોઈ પણ ત્યાગી પ્રમાદ ન કરે.

(નોંધ : જે સાધકો પદાર્થ ત્યાગને ત્યાગ કલ્પી ગાફેલ રહ્યા છે – પ્રમત્ત થયા છે. તેઓને પસ્તાવું જ પડ્યું છે. પ્રદાર્થો–વિષયોનો ત્યાગ એટલે ત્યાગનો સંકલ્પ જમાવવો તે. સંકલ્પબળ પછીની સાધનાથી સહજ-ત્યાગ પર જવું એ જ ત્યાગની સિદ્ધિ ગણાય.)

(૨) તેમ જ જેમ પોતા તરફ જુએ છે, તેમ બીજા તરફ જુએ. એ દૃષ્ટિ પ્રાપ્ત કર્યા પછી એ ન કોઈને હણે કે ન અન્ય દ્વારા કોઈને હણાવે.

(નોંધ : અહીં જે અહિંસાનું પ્રતિપાદન છે તે અહિંસા વિશ્વૈક્યના અર્થમાં છે. ત્યાગી સાધક આત્મવત્ સર્વને જુએ એટલે કે ત્યાગીના માનસની ઊંડાણમાં પણ કોઈએ વ્યક્તિ પરત્વે દ્વેષ, તિરસ્કાર કે ઘૃણા ન હોય એટલું જ નહિ પરંતુ આ મારાથી અધમ ને હલકો છે, અલ્પગુણી છે એવીયે ભાવના ન હોય. ત્યાગ એટલે એક નાનીશી નિર્ઝરિણીનું વિશ્વના મહાસાગરમાં મળી જવું તે, પોતાના વ્યક્તિત્વનું વિશ્વના વ્યક્તિત્વમાં સમર્પણ કરવું તે.)

(૩) ગુરુદેવ! બીજાની કે પરસ્પરની શરમથી દબા-ઈને કે આસપાસના સંયોગોને આધીન બનીને કેટલાક સાધકો વૃત્તિમાં પાપ હોવા છતાં ક્રિયારૂપે પાપકર્મ કરતા દેખાતા નથી. તો તેને ત્યાગ કહી શકાય?

ગુરુદેવ બોલ્યા: પ્રિય શિષ્ય ત્યાં તો સમતાની ઉપેક્ષા છે. જ્યાં લોકૈષણા છે, ત્યાં સમતા ટકે જ શી રીતે? કારણ કે સમભાવનો સંબંધ આત્મા સાથે છે માટે સાધક સમભાવથી જ આત્માને પ્રસન્ન રાખે.

(૯) યોગી સાધક હાસ્ય કુતૂહલ ઈત્યાદિને છોડીને ઇંદ્રિયો, મન, વાણી અને કાયાને કાચબો જેમ પોતાનાં અંગોને ગોપાવી રાખે છે તેમ હંમેશાં ગોપાવી રાખે.

(૧૦) હે જીવ! તું પોતે જ તારો મિત્ર છે. બહા-રના મિત્રને ક્યાં શોધી રહ્યો છે.

(નોંધ: અનંતકાળથી જે ઇચ્છી રહ્યો છે, તે બીજો કોઈ નહિ આપી શકે; તે તને તારામાંથી જ મળશે, અને ત્યાં જ તે ભર્યું છે. જેને શોધે છે તે તું જ છે.)

(૧૩) હે પુરુષ! તું સત્યનું જ સેવન કર; કેમ કે સત્યની આજ્ઞાથી જ પ્રવર્તતાં બુદ્ધિમાન સાધકો સંસારનો પાર પામે છે અને ધર્મને યથાર્થ રીતે પાળીને કલ્યાણ મેળવે છે.

( નોંધ : મોક્ષ, સ્વર્ગ, મુક્તિ કે તેવું કોઈ પણ ધ્યેય નહિ પણ સત્ય એ જ ધ્યેય હોવું ઘટે. )

(૧૪) રાગ અને દ્વેષથી કલુષિત થયેલા કેટલાક સાધકો આ ક્ષણભંગુર જીવન માટે કીર્તિ, માન કે પૂજા મેળવવા સારુ પાપકર્મો કરવામાં મશગૂલ રહે છે.

(નોંધ : સાધના માર્ગમાં જોડાયા પછી વિષય લિપ્સા શમી ગઈ હોઈ એવા ઘણા સાધકો મળી આવે છે. પરંતુ તેવા સાધકોનેય કીર્તિ, માન, પૂજા કે પ્રતિષ્ઠાનું ભૂત વળગી જાય છે, અને તેને સત્ય માર્ગો જતાં પકડી રાખે છે.)

(૧૫) માટે સાધક પોતાના સાધનામાર્ગમાં દુઃખ કે પ્રલોભનો આવી પડતાં વ્યાકુળ ન થાય. સમદૃષ્ટિવંત અને મોક્ષાર્થી સાધક લોકમાં રહેવા છતાં લોક અને અલોક સંબંધીના સર્વ પ્રપંચોથી દૂર રહી શકે છે.

(નોંધ : સંસાર બહાર નથી. સંસાર તો આત્માની સાથે છે. બાહ્ય સંસારમાં રહેવા છતાં સર્વ પ્રકારના પ્રપંચથી છૂટી શકાય છે. પરંતુ તેના માટે એક તો સાચી દૃષ્ટિ બીજું મોક્ષાર્થીપણું એ બે તત્ત્વો જોઈએ.

### ઉપસંહાર

સર્વને આત્મા સમાન ગણી પ્રત્યેક ક્રિયામાં જવાબદારી પૂર્વક જાગ્રત રહેવું એ અપ્રમાદ છે. સમભાવ પ્રાપ્ત થયા વિના જીવનમાં અપ્રમાદ વણાતો નથી. જ્યાં બાહ્યદૃષ્ટિ છે ત્યાં શુદ્ધ સમભાવ ટકતો નથી. એટલે સમભાવ એ જ સાધનાનું પ્રધાન લક્ષ્ય હોવું ઘટે....આત્માનંદ ચાખ્યા

પછી બાહ્યદૃષ્ટિ આપોઆપ વિરમી જાય છે. કર્મનાં વિચિત્ર પરિણામોને સમભાવી જ સરળતાથી સહે છે. એમ કહું છું. શીતોષ્ણીય નામના અધ્યયનનો તૃતીય ઉદ્દેશક સમાપ્ત થયો.

## ચતુર્થ ઉદ્દેશક

### ત્યાગનું ફળ

શીતોષ્ણીય અધ્યયનના ત્રણ ઉદ્દેશકમાં ત્યાગની આવશ્યકતા, ત્યાગનું સ્વરૂપ અને ત્યાગમાં અપ્રમત્તાનું સ્થાન એમ ક્રમપૂર્વક વર્ણન આપ્યા પછી સૂત્રકાર ચોથા ઉદ્દેશકમાં ત્યાગનું પરિણામ બતાવે છે.

ત્યાગની ઓળખ અમુક વેશ, અમુક દર્શન, અમુક પંથ કે અમુક સંપ્રદાયથી નથી થતી; કષાયોનું શમન એ જ ત્યાગીના ત્યાગની આદર્શતાનું માપક યંત્ર છે. જ્યાં જેટલે અંશે કષાયોની ઉપશાંતતા કે ક્ષય, ત્યાં તેટલો જ. તે ત્યાગી જે ત્યાગીની છાયા કષાયોને હળવા કરવાને બદલે વધારે તે ત્યાગ ત્યાગ, નથી.

ગુરુદેવ બોલ્યા :

(૧) ત્યાગનો ઉપાસક ક્રોધ, માન, માયા, લોભને વમશે જ, આદર્શ ત્યાગ સાધકના કષાયોને અવશ્ય ઘટાડશે જ ! એવો સર્વજ્ઞપદને પ્રાપ્ત કરનાર સિદ્ધ પુરુષોનો આ સાક્ષાત્ અનુભવ છે.

(૨) જે એકને જાણે છે, તે સર્વને જાણે છે; અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.

(નોંધ : આત્માનું પોતાનું સ્વરૂપ અનંત છે. અને વિશ્વનું સ્વરૂપ પણ અનંત છે. જે પોતાની અનંતતાને પામી ગયો તે એકતાને પામ્યો છે. અને જે એકતાને પામ્યો છે તેણે અનંતતા પણ સાધી લીધી છે, 'પિંડેસો બ્રહ્માંડે.')

(૩) પ્રમાદીને સર્વ થકી (સર્વ પ્રકારે) ભય હોય છે. અપ્રમાદીને (ક્યાંય કોઈ તરફથી) ભય હોતો નથી.

(નોંધ : રખે કોઈ સાધક સાધનાને સિદ્ધિ માની ગાફેલ બની જાય. જો વૃત્તિની ઠગાઈમાં સાધક બેદરકાર બની જાય તો અતિ પુરુષાર્થથી પ્રાપ્ત થયેલું ફળ પણ ક્ષણવારમાં ગુમાવી બેસે.

પ્રમાદ અને ભય બંને સહચારી છે. પ્રમાદ એટલે આત્મ સ્વરૂપની સ્ખલન.

જેને આત્મવિશ્વાસ નથી તે કદી કોઈપણ ક્ષેત્રમાં નિર્ભય ન બની શકે.)

(૪) જે એકને નમાવે છે, તે અનેકને નમાવે છે; અને જે અનેકને નમાવે છે તે એકને નમાવે છે.

(નોધ : જે પોતાને જીતે છે તે જગતને જીતે છે. જે આત્માને સાધે છે તે અનંતશક્તિઓને સાધી લે છે.)

(૫) વીર સાધકો ! આ સંસાર સંબંધી દુઃખને જાણીને સંસારના સંયોગ જોડનાર તત્ત્વો–આસક્તિ ઇત્યાદિને વમે છે અને વમીને મહાયાન–સંયમમાર્ગ તરફ ગમન કરી ક્રમપૂર્વક આગળ ને આગળ વધે છે તેઓને પછી જીવિતની પણ આકાંક્ષા રહેતી નથી.

(નોંધ : પાશવબળ કે વિલાસમાં વપરાતી વીરતા એ વીરતા નથી, પણ સંસારના મૂળ પુરુષાર્થ એ જ વીરતા છે. આવી વીરતા સંયમ અને ત્યાગમાં ઉપયોગી છે.)

(૬) જે એકને ખપાવે છે, તે બહુને ખપાવે છે; અને જે બહુને ખપાવે છે, તે એકને ખપાવે છે.

(નોંધ : જે એક મોહનીય કર્મ પર વિજય મેળવે છે તે સર્વ પર વિજય મેળવી શકે છે.)

(૭–૮) જે બુદ્ધિમાન સાધક આજ્ઞામાં શ્રદ્ધાળુ છે, તે લોકનું યથાર્થ સ્વરૂપ જાણે છે; જે સંસારનું યથાર્થ સ્વરૂપ જાણે છે તેને અન્યનો તેમ જ અન્યને તેનો ભય રહેતો નથી.

(નોંધ : જ્યાં સુધી સત્પુરુષોની આજ્ઞામાં શ્રદ્ધા હોતી નથી ત્યાં સુધી સાધનામાં નિશ્ચિતતા આવતી નથી. અર્પણતા વિના આજ્ઞાપાલન ન થાય, અને અર્પણતા તો શ્રદ્ધા પછી જ આવે.)

સત્પુરુષો, શાસ્ત્ર અને સદ્બુદ્ધિ દ્વારા કરેલો નિશ્ચય એ ત્રિપુટીના મેળથી સાચી શ્રદ્ધા જાગે છે.

(૯) શસ્ત્રો એક બીજાથી ચડતાં ઊતરતાં, તેજ કે નરમ તથા તીક્ષ્ણ કે સામાન્ય એમ હોઈ શકે છે; પરંતુ અશસ્ત્રમાં ચડતા ઊતરતાપણું હોતું નથી.

( નોંધ: અહીં શસ્ત્રો અર્થાત્ આત્માને બાધક કરનારી આસક્તિ અને તેનાથી જન્મતા રાગાદિ શત્રુઓ સમજવાના છે. વાસના એક મટે અને બીજી જન્મે. એક સામાન્ય હોય અને બીજી વિશેષ હોય. એક મંદ હોય અને બીજી તીવ્ર હોય. એમ તેમાં અનેકપણું અને વિવિધપણું હોય પરંતુ અશસ્ત્ર અર્થાત્ કે આત્માની સહજ દશામાં તેવું કશું હોતું નથી. આત્માની સહજ દશામાં સમભાવમાં કે શુદ્ધિ પ્રેમમાં તેવા ભેદો નથી. )

(૧૧) બુદ્ધિમાન સાધકે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ તથા મોહથી પૃથક થઈને ગર્ભ, જન્મ, મરણ, નરકગતિ, તિર્યંચ ગતિના દુઃખોથી નિવૃત્ત થવું. આ શસ્ત્રોથી વિરમેલા અને અશસ્ત્ર ત્યાગ દ્વારા આગળ વધી સંસારના પાર પામેલા સર્વજ્ઞપુરુષોનું અનુભવપૂર્ણ વાક્ય છે.

(નોંધ: સર્વજ્ઞ કે સંત પુરુષોની આજ્ઞા સ્વયંશ્રદ્ધાસ્પદ બની શકે છે કારણ કે તે આજ્ઞા નિર્વ્યાજ અને નિઃસ્વાર્થ હોય છે. તેમાં કેવળ લોકકલ્યાણનો એક જ ઉચ્ચતમ ઉદ્દેશ છે.

(૧૨) એ રીતે પ્રથમ કાર્યોનાં મૂળ કારણોને છેદી (આવતાં કર્મોનાં દ્વાર રોકી) પછી પૂર્વકૃત કર્મોનો અંત લાવી શકાય.

(૧૩) પશ્યકને ઉપાધિ શી છે? નથી જ, અને નથી તો પ્રયોગ પણ નથી જ.

(નોંધ : પશ્યક એટલે દ્રષ્ટા. દ્રષ્ટા એટલે દૃશ્ય જોનાર નહીં, પણ સ્વરૂપનો જોનાર. નટ જોઈએ તો ભૂપતિની ભૂમિકા ભજવે કે ભિખારીની ભૂમિકા ભજવે, પણ બંને સ્થિતિમાં તેને પોતે નાટકિયો છે તે સ્વરૂપભાન રહે છે. અને રાજા કે ભિખારીની વેશની અસર તેના ઉપર થતી નથી. ત્યાગના પરિણામે થતું કષાયોનું શમન આ રીતે દ્રષ્ટા હોવાનું ભાન કરાવે છે.

### ઉપસંહાર

જિવિતની આકાંક્ષાઓનો ત્યાગ, પૂર્ણ નિર્ભયતા અને સત્યની અખંડ આરાધના એ વીરતાનાં લક્ષણો છે. સત્પુરુષદર્શિત સત્યમાર્ગમાં પ્રવર્તવાની તાલાવેલીએ શ્રદ્ધાનું ચિહ્ન ગણાય. શ્રદ્ધાવાનને આત્મોન્નતિનો માર્ગ વધુ સરળ છે. એમ કહું છું.

શીતોષ્ણીય નામનું તૃતીય અધ્યયન પૂર્ણ થયું.

# શ્રી આચારાંગ ગ્રંથશ્રેણીમાં નીચેનાં

## પુસ્તકો મંગાવો

| | | |
|---|---|---|
| ૧ | ગીતા-દર્શન | કિ. ૨-૦૦ |
| ૨ | ષડ્દર્શનની સંક્ષિપ્ત મીમાંસા | કિ. ૧-૫૦ |
| ૩ | શ્રી આચારાંગ અને ગીતાનો સમન્વય | કિ. ૨-૦૦ |

૪ શ્રી આચારાંગ સૂત્રનો સંક્ષેપ,

— ભાગ ૧લો
- ૧ શસ્ત્રપરિજ્ઞા
- ૨ લોકવિજય
- ૩ શીતોષ્ણીય

— ભાગ ૨જો
- ૪ સમ્યકત્વ
- ૫ લોકસાર
- ૬ ધૂત

— ભાગ ત્રીજો
- ૭ મહાપરિજ્ઞા
- ૮ વિમોક્ષ
- ૯ ઉપધાનશ્રુત

* પ્રત્યેક ભાગની કિંમત રૂપિયા ચાર

# શ્રી આચારાંગસૂત્રનો સંક્ષેપ

મુનિશ્રી સંતબાલજી અનુવાદિત

: સંક્ષેપક :

આચાર્ય શ્રી જનકચંદ્રસૂરિજી મહારાજ

## એમાં શું જોશો ?

શીળી શાંતિના ફુવારા અને ચેતનાના ચમકાર; ધર્મજીવી અને કર્મજીવી બંનેને પ્રેરણાનાં મહામૂલાંપીયૂષ; રસિકોની રસસામગ્રી અને આધ્યાત્મિકોનું આનંદપાન, સાધકોને સાચો સહચાર અને સિદ્ધોના અનુભવનો સાર, ભારતીય દર્શનોનું દોહન અને મૌલિક જૈન સંસ્કૃતિનું નિરૂપણ. શ્રીમદ્ ગીતાનું હાર્દ અને એનો સર્વદેશીય સમન્વય.

શ્રી આ...ચા...રાં...ગ

સૂત્ર પ્રેમીને સૂત્ર રૂપે, તત્ત્વ પ્રેમીને તત્ત્વ રૂપે

બુદ્ધિવાદીને બુદ્ધિના સમાધાન રૂપે હૃદયવાનને હૃદયના આશ્વાસન રૂપે

મહાવ[illegible]ાંદિર

હઠીભાઈની વાડી,

અમદાવાદ-૩૮૦ ૦૦૪